# લોક પત્રિકા

ગુજરાતનું વિશ્વસનીય દૈનિક

www.lokpatrika.in LOK PATRIKA RNI No : GUJGUJ/2022/83673

તંત્રી : અવેશ માલવિયા । સ્થાપના ૨૦૧૦ । વર્ષ : ૦૪ અંક : ૧૦ । વિક્રમ સંવત ૨૦૮૧ : શ્રાવણ વદ ૦૧ । પાના - ૦૮ । કિંમત : ૪ । અમદાવાદ (ગુજરાત)

Editor : Avesh K Malaviya • Year : 04 • Issue : 10 • Dt.10-08-2025 Sunday • Page 08 • Price : Rs. 4 • Office : G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmeddabad-380013 • E-mail : lokpatrikanews1@gmail.com • Mob. 98252 52125

10 AUGUST- 2025 SUNDAY




P.07

બ્રેક અપ પછી પણ દિશા અને ટાઈગર વચ્ચે મધુર સંબંધ



P.07

રાજેશ ખન્નાની પૌત્રી પાછળ પેપ્સ, નર્વસ નાઓમિકા જોઈને યુઝર્સ ગુસ્સે થયા

ઇઝરાયલી સેનાએ હમાસ આતંકવાદી સંગઠનના ૫ ખતરનાક કમાન્ડરોને મારી નાખ્યા



07



07

ટ્રમ્પ માટે નોબેલ શાંતિ પુરસ્કારની માંગ, પાકિસ્તાન પછી, અઝરબૈજાન-આર્મેનિયાએ પણ સમર્થન આપ્યું

**રક્ષાબંધનના દિવસે મેઘરાજાની પધરામણી**

**છોટાઉદેપુરમાં થોડા સમયના વિરામ બાદ વરસાદની શરૂઆત થવા પામી હતી । ઋણવાડ, ઘેલવાંટ, નાલેજ, પીપલેજમાં વરસાદી માહોલ છવાયો હતો**

# રાજકોટ શહેર સહિત અનેક ઠેકાણે વરસાદી ઝાપટાં

**રાજ્યમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ તથા દાદરા નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

છોટાઉદેપુરમાં થોડા સમયના વિરામ બાદ વરસાદની શરૂઆત થવા પામી હતી. ઋણવાડ, ઘેલવાંટ, નાલેજ, પીપલેજમાં વરસાદી માહોલ છવાયો હતો. વરસાદથી ખેડૂતોને ચોમાસુ પાકોમાં ફાયદો થશે. છેલ્લા કેટલાય દિવસથી વરસાદે વિરામ લેતા ખેડૂતો પોતાના ખેતરમાં વાવેલા પાકને લઈ ચિંતિત બન્યા હતા. વરસાદને લઈ ખેડૂતોના પાકને જીવનદાન મળ્યું હતું.રાજકોટના ઉપલેટામાં લાંબા વિરામ બાદ વરસાદી ઝાપટુ પડ્યું હતું. વરસાદની જરૂરિયાત સમયે વરસાદ થતા ખેડૂતોમાં ખુશી જોવા મળી હતી. કપાસ, એરંડા, મગફળી, સોયાબીન, તુવેર જેવા પાકોને ફાયદો થશે. વરસાદી ઝાપટાથી થોડા અંશે પાકને રાહત મળશે. હવામાન વિભાગ દ્વારા ૧૫ ઓગસ્ટ સુધીની જે આગાહી કરવામાં આવી છે, તેમાં ક્યાંય ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી નથી. હાલ ગુજરાત પર વરસાદ ધડબડાટી બોલાવે તેવી કોઈ સિસ્ટમ નથી, વરસાદ પડશે તો પણ તે હળવો કે મધ્યમ વરસાદ હશે. ગુજરાતના હવામાન વિભાગે રાજ્યમાં ભારે વરસાદની કોઈ સંભાવનાઓ વ્યક્ત કરી નથી પરંતુ ગુજરાત અને સૌરાષ્ટ્ર બન્ને રિજનમાં છૂટાછવાયા ભાગોમાં હળવાથી મધ્યમ વરસાદ રહેવાની આગાહી કરી છે. રાજ્યના કેટલાક હવામાન નિષ્ણાતોનું માનવું છે કે, ગુજરાતમાં ઓગસ્ટના અંતમાં ભારે વરસાદનો રાઉન્ડ આવી શકે છે, એટલે કે હજુ રાજ્યમાંથી ચોમાસું ગયું નથી. ભારે વરસાદ આગામી દિવસોમાં રાજ્યને તરબોળ કરી શકે છે.



રાજ્યમાં બનાસકાંઠા, પાટણ, મહેસાણા, સાબરકાંઠા, ગાંધીનગર, અરવલ્લી, ખેડા, અમદાવાદ, આણંદ, પંચમહાલ, દાહોદ, મહીસાગર, વડોદરા, છોટાઉદેપુર, નર્મદા, ભરૂચ, સુરત, ડાંગ, તાપી, નવસારી, વલસાડ અને દમણ તથા દાદરા નગર હવેલીમાં હળવાથી મધ્યમ વરસાદની સંભાવના છે.હાલના સમયમાં સૌથી વધુ ચિંતા ખેડૂતોને છે. ચોમાસાનો પહેલો રાઉન્ડ ધમાકેદાર રહ્યા બાદ ખેડૂતોમાં ખાસ્સો ઉત્સાહ હતો.

**ગાંધીનગરમાં આવેલી બ્રાંચ બંધ કરીને ગઠિયાઓ રફ્ફુચક્કર થઈ ગયા**

## છ વર્ષમાં રૂપિયા ડબલ કરવાની લાલચ : ૭ ભેજાબાજોએ ૨૫૩ લોકોને બાટલીમાં ઉતારી ૮૫ લાખની ઠગાઈ કરી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ ।

'લોભિયો હોય ત્યાં ધૂતારો ભૂખે ન મરે' યુક્તિ મુજબ રાજ્યના પાટનગરમાં રૂપિયા ડબલ કરી આપ વાની પોન્ઝી સ્કીમ શરૂ કરીને ૨૫૩ લોકોને લોભામણી જાહેરાત અને રૂપિયા ડબલ કરવાની લાલચ આપી કુલ રૂ.૮૫.૯૭ લાખનું ફૂલેકું ફેરવી દેવામાં આવ્યું છે. કંપની સંચાલકોએ છથી સાત વર્ષમાં રૂપિયા ડબલ કરીને આપીશું કહીને ભેરવી દીધા હતા. અને પાકતી મુદતે રૂપિયા નહીં મળતા રોકાણકારોને માલુમ પડ્યું કે ગાંધીનગરમાં આવેલી બ્રાંચ બંધ કરીને ગઠિયાઓ રફ્ફુચક્કર થઈ ગયા છે. આ અંગે સીઆઈડી ક્રાઈમે સાત લોકો સામે ગુનો નોંધ્યો છે.ગાંધીનગરના પેથાપુરમાં માતાપિતા અને પત્ની સહિત પરિવાર સાથે રહેતા ગૌરવ વીરેન્દ્રકુમાર જોશી (૩૫)જીઇબીમાં જુનિયર ક્લાર્ક તરીકે નોકરી કરીને પોતાનું અને પરિવારનું ગુજરાન ચલાવે છે. યુવકના પિતાના મિત્ર રાજેશભાઈ પટેલ વર્ષ ૨૦૧૫માં ગૌરવના ઘરે આવ્યા અને માતૃભૂમિ ગ્રુપ ઓફ કંપનીની બ્રાંચ ગાંધીનગર ખુલી છે. આ કંપનીમાં રોકાણ કરવાથી ૬થી ૭ વર્ષમાં રૂપિયા બમણા કરીને આપે છે. હું પણ આ કંપનીનો એજન્ટ છું સંબંધી અને ઓળખીતાની વાતો આવી જઈને યુવકે તેની માતાના નામે ૧૦.૩૫ લાખ રૂપિયાનું રોકાણ કર્યું હતું. પાકતી મુદતે રૂપિયા નહીં મળતા યુવકે પિતાના મિત્ર અને કંપનીના એજન્ટ એવા રાજેશ ભાઈને પૂછ્યું તો થોડા મહિનામાં રૂપિયા મળી જશે તેવી બાંહેધરી આપીને વાયદાઓ કર્યા કરતા હતા. આ દરમિયાન માતૃભૂમિ ગ્રુપ ઓફ કંપનીએ ગાંધીનગરના સેક્ટર-૧૬માં આવેલી ઓફિસ બંધ કરીને તમામ લોકો ફરાર થઈ ગયા હતા.







લોક પત્રિકા સીટી ઓફીસ : ૭૨, સિટી સેન્ટર, સ્વસ્તિક ચાર રસ્તા પાસે, સી.જી. રોડ, નવરંગપુરા, અમદાવાદ | સમાચાર માટે : ૯૮૨૫૨ ૫૨૧૨૫ | જાહેરાત માટે : ૯૬૬૨૫ ૧૩૦૬૨ પળેપળના સમાચાર માટે www.lokpatrika.in


### બનાસકાંઠાના થરાદમાં ઓનર કિલિંગનો ચોંકાવનારો કેસ, પિતા-કાકા સામે હત્યાનો આરોપ!

। પ્રતિનિધિ, પાલનપુર,તા.૯ ।

બનાસકાંઠા જિલ્લાના થરાદ તાલુકાના દાંતીયા ગામે ઓનર કિલિંગની ઘટનાએ ચકચાર મચાવી છે. યુવતી ચંદ્રિકા ચૌધરી, જે પાલનપુરમાં ફ્રઈઈ પરીક્ષાની તૈયારી કરતી હતી, તેની પ્રેમસંબંધને કારણે તેના પિતા સેંધાભાઈ ચૌધરી અને કાકા શિવરામ પટેલે હત્યા કરી હોવાનો આરોપ છે.યુવતીના પ્રેમી હરેશ ચૌધરી સાથેના સંબંધથી નારાજ પરિવારે તેને ભણવાની મનાઈ કરી હતી. ચંદ્રિકાએ હરેશને મેસેજમાં જણાવ્યું હતું, ‘‘પરિવાર મને બળજબરીથી લગ્ન કરાવશે અથવા મારી નાખશે, મને બચાવ.’’૪ જૂન, ૨૦૨૫ના રોજ ચંદ્રિકા અને હરેશે અમદાવાદમાં મૈત્રી કરાર કરી સાથે રહેવાનું શરૂ કર્યું.પરિવારની ફરિયાદ બાદ થરાદ પોલીસે ૧૨ જૂને બંનેને રાજસ્થાનથી પકડી લીધા.

### દાહોદમાં ખાતરની અછતને લઈને કાર્યવાહી, 3 એગ્રોના લાયસન્સ સસ્પેન્ડ

। પ્રતિનિધિ, દાહોદ,તા.૯ ।

દાહોદમાં ખાતરની અછતને લઈને કાર્યવાહી કરવામાં આવી છે. જિલ્લામાં ૩ એગ્રો સેન્ટરના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. પેથાપુર ગામમાં દેવ એગ્રોનું લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. બિલવાણી, ફતેપુરામાં સેન્ટરના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. ૧૬ એગ્રો સેન્ટરોને વિવિધ કારણોસર નોટિસ ફટકારવામાં આવી છે.દાહોદ જિલ્લામાં ખાતરની અછતને લઈને કૃષિ વિભાગ એક્શન મોડમાં આવ્યું છે. જિલ્લામાં ત્રણ એગ્રો સેન્ટરના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે.પેથાપુર ગામમાં આવેલ દેવ એગ્રો ઝાલોદ તાલુકાના બિલવાણી તેમજ ફતેપુરાના એગ્રી બિઝનેસ સેન્ટર નામક ત્રણ એગ્રો સેન્ટરના લાયસન્સ સસ્પેન્ડ કરવામાં આવ્યા છે. જિલ્લામાં કુલ ૧૬ એગ્રો સેન્ટરોને વિવિધ કારણો સર કૃષિ વિભાગ દ્વારા નોટીસ આપવામાં આવી છે.દાહોદ જિલ્લામાં ખાતર માટે ખેડૂતોની સવારથી લાઈનો લાગે છે. જિલ્લાના વિવિધ એગ્રો સેન્ટરોની કૃષિ વિભાગ દ્વારા કરવામાં તપાસ આવી રહી છે.

<u>રાજ્યની જેલોમાં સર્જાયા ભાવુક દ્રશ્યો</u>

# બહેનોએ કેદીઓને રાખડી બાંધીને કરી રક્ષાબંધનની ઉજવણી

**અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ, સુરત લાજપોર મધ્યસ્થ જેલ, રાજકોટ મધ્યસ્થ જેલ અને વડોદરા મધ્યસ્થ જેલમાં ભાઈ બેનના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી**

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

ભાઈ-બહેનના પવિત્ર તહેવાર એવા રક્ષાબંધનનું હિંદુ ધર્મમાં ખાસ મહત્ત્વ રહેલું છે. આ તહેવાર ભાઈ- બહેનોના પ્રેમનું પ્રતિક છે. ત્યારે આજે (૯મી ઑગસ્ટ) રક્ષાબંધન પર્વની ઉત્સાહભેર ઉજવણી થઈ હતી. તો બીજી તરફ અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલ, સુરત લાજપોર મધ્યસ્થ જેલ, રાજકોટ મધ્યસ્થ જેલ અને વડોદરા મધ્યસ્થ જેલમાં ભાઈ બેનના પવિત્ર તહેવારની ઉજવણી કરવામાં આવી હતી. આ દરમિયાન બહેનોએ કેદીઓને રાખડી બાંધીતા જેલોમાં ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતા.અમદાવાદની સાબરમતી મધ્યસ્થ જેલમાં પણ રક્ષાબંધન પર્વની ઉજવણી કરાઈ હતી. જેલમાં બંદીવાન કેદીઓને તેમની બહેનો રાખડી બાંધી શકે તે માટે જેલ પ્રશાસન દ્વારા ખાસ વ્યવસ્થા કરવામાં આવી હતી. વર્ષોથી જેલમાં બંધ કેદીઓને રાખડી બાંધવા માટે તેમની બહેનો જેલ પર પહોંચી ત્યારે ભાવુક દ્રશ્યો સર્જાયા હતા.સુરત લાજપોર મધ્યસ્થ જેલની અંદર યોજાયેલી રક્ષાબંધનના પર્વની ઉજવણી દરમિયાન ખૂબ જ લાગણીસભર અને હૃદય સ્પર્શી દ્રશ્યો સર્જાયા હતા. બહેનોએ જ્યારે ભાઈને રાખડી બાંધી ત્યારે ભાઈ અને બહેન ચોધાર આંસુએ રડી પડ્યા હતા. તો બીજી તરફ આ દ્રશ્ય જોઈને તેમ હાજર પોલીસ





બહેનો પણ રડી પડી હતી.વર્ષ ૨૦૨૩માં સુરતની લાજપોર મધ્યસ્થ જેલ દ્વારા સરકાર પાસેથી વિશેષ પરવાનગી મેળવી પ્રથમ વખત જેલમાં બંધ કેદીઓને રૂબરૂમાં મળી રક્ષાબંધનની પર્વની ઉજવણી ભાઈ બહેન કરી શકે તે પ્રકારનું આયોજન ગોઠવ્યું હતું. એવા જ પ્રકારનું આયોજન આ વર્ષે પણ કરવામાં આવ્યું હતું. જેમાં કાચા-પાકા કામના જેલમાં બંધ બંદીવાનોની બહેન દ્વારા આજે જેલની અંદર વિશેષ રક્ષાબંધનની ઉજવણી કરવામાં આવી હતી. પોતાના બંદીવાન ભાઈને મળીને તેની કલાઈ પર બહેન જેલની અંદર રાખડી બાંધી મીઠાઈ ખવડાવી મોઢું મીઠું કરાવી પવિત્ર તહેવારની ઉજવણી કરી હતી.જામનગરની જિલ્લા જેલમાં રક્ષાબંધનના પર્વની વિશેષ રૂપે ઉજવણી કરવામાં આવી હતી. જેલના બંદીવાન ભાઈઓ, કે જેઓ પણ પોતે રક્ષાબંધનનું પર્વ મનાવી શકે તે માટેની જેલ પરિસરમાં વિશેષ વ્યવસ્થા ગોઠવવામાં આવી હતી. રાખડી બાંધતી વખતે ભાવુક દ્રશ્યો જોવા મળ્યા હતાં.

### વિજાપુરમાંથી ભેળસેળ યુક્ત પનીર બનાવતી ફેક્ટરી ઝડપાઈ

। પ્રતિનિધિ, મહેસાણા, તા.૯ ।

વિજાપુરના હિંમતનગર હાઈવે પર આવકાર વેરહાઉસમાં ડિવાઈન ફૂડમાં મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે શુક્રવારે તપાસ કરતાં પામોલીન તેલમાંથી પનીર બનાવાતું હોવાનું જણાતાં પનીર અને પામોલીન તેલનો રૂ.૧.૬૧ લાખનો જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.રક્ષાબંધન સહિત શ્રાવણ માસમાં વિવિધ તહેવારોને અનુલક્ષીને મહેસાણા ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગે કાર્યવાહી હાથ ધરી છે ત્યારે બાતમીના આધારે શુક્રવારે જિલ્લા ફુડ અધિકારી વી.જે.ચૌધરીના માર્ગદર્શન અને સૂચનાથી તેમની ટીમે વિજાપુરના હિંમતનગર રોડ પર આવેલા આવકાર વેરહાઉસમાં શૈલેષકુમાર કાન્તિલાલ પટેલના માલિકીની ડિવાઈન ફુડ નામની પેઢીમાં ઓચિંતી તપાસ હાથ ધરી હતી. તપાસ દરમિયાન પેઢીમાં પામોલીન તેલમાંથી પનીર બનાવતા હોવાનું પ્રાથમિક દૃષ્ટિએ માલુમ પડ્યું હતું અને સ્થળ પર ઈન્ડસ્ટ્રીયલ ગ્રેડનો એસીટિક એસીડ વાપરતા હોવાનું જણાયું હતું. જેથી ફૂડ વિભાગની ટીમે પનીર અને પામોલીન તેલના નમુના લઈ ૬૪૯ કિલો પનીર અને ૨૩૮ કિલો પામોલીન તેલ મળીને કુલ રૂ.૧,૬૧,૯૩૦ની કિંમતનો જથ્થો સીઝ કર્યો હતો .પામોલીન તેલનો રૂ.૧.૬૧ લાખનો જથ્થો સીઝ કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

<u>જૂનાગઢ શહેરમાં રસ્તાઓની બિસ્માર હાલત સામે એક યુવકે વિરોધ નોંધાવ્યો</u>

# જૂનાગઢમાં ખરાબ રસ્તા મુદ્દે યુવકનો મનપા સામે વિરોધ, નશાના આરોપે પોલીસે કબજે લીધો !

। પ્રતિનિધિ, જૂનાગઢ,તા.૯ ।

જૂનાગઢ શહેરમાં રસ્તાઓની બિસ્માર હાલત સામે એક યુવકે વિરોધ નોંધાવ્યો, જેના કારણે મનપા કચેરી બહાર હોબાળો મચી ગયો. યુવકે મનપા કચેરીના મુખ્ય દરવાજા આગળ સૂઈ જઈને વિરોધ પ્રદર્શન કર્યું, જેના કારણે લોકોના ટોળા એકઠા થયા. મનપા અધિકારીઓએ યુવકને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ આખરે પોલીસને બોલાવવી પડી. પોલીસે યુવકને કસ્ટડીમાં લઈ જતાં તે નશાની હાલતમાં હોવાનો પ્રાથમિક દાવો કર્યો.

જૂનાગઢમાં રસ્તાઓની ખરાબ હાલત, ખાડાઓ, અને અપૂરતી સફાઈ વ્યવસ્થા લોકો માટે સમસ્યા બની છે. યુવકે આ મુદ્દે જાગૃતિ લાવવા મનપા કચેરીના દરવાજે સૂઈ જઈને વિરોધ વ્યક્ત કર્યો. યુવકે મનપા કચેરીના મુખ્ય દરવાજા આગળ પોતાનો વિરોધ શરૂ કર્યો, જેનાથી આસપાસના લોકોનું ધ્યાન ખેંચાયું અને ટોળું એકઠું થયું.મનપા અધિકારીઓએ યુવકને સમજાવવાનો પ્રયાસ કર્યો, પરંતુ વિરોધ ચાલુ રહેતાં પોલીસને બોલાવવી પડી.



સ્થાનિક પોલીસે યુવકને કસ્ટડીમાં લીધો અને પોલીસ સ્ટેશન લઈ ગઈ. પોલીસનું પ્રાથમિક તારણ છે કે યુવક નશાની હાલતમાં હતો, જેની તપાસ ચાલુ છે.શહેરમાં રસ્તાઓની દુર્દશા, ખાડાઓ અને ભૂગર્ભ ગટર-ગેસ પાઈપલાઈનના કામોને કારણે શહેરીજનોને ભારે અગવડતા ભોગવવી પડે છે. આ મુદ્દે અગાઉ પણ વિપક્ષના નેતાઓ, જેમ કે કોંગ્રેસ કોર્પોરેટરો અને એનસીપીના રેશ્મા પટેલે વિરોધ નોંધાવ્યો હતો, જેમાં ૩૦ લોકોની અટકાયત થઈ હતી. સ્થાનિક નાગરિક અમૃત દેસાઈએ મનપાના પાંચ વર્ષના શાસનને ‘‘વિનાશકારી’’ ગણાવ્યું, જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન હરેશ પરસાણાએ કામો તબક્કાવાર ચાલી રહ્યા છે, પરંતુ લોકોને મુશ્કેલીનો સામનો કરવો પડે છે. જૂનાગઢ શહેરમાં રસ્તાઓની બિસ્માર હાલત સામે એક યુવકે વિરોધ નોંધાવ્યો, જેના કારણે મનપા કચેરી બહાર હોબાળો મચી ગયો. યુવકે મનપા કચેરીના મુખ્ય દરવાજા આગળ સૂઈ જઈને વિરોધ પ્રદર્શન કર્યું, જેના કારણે લોકોના ટોળા એકઠા થયા.

### પોડાશી વૃદ્ધે જ સગીરાને ત્રણવાર પીંખીને ગર્ભવતી બનાવી, અચાનક લોહી નીકળતા ભાંડો ફૂટ્યો

। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

શહેરમાં ૧૪ વર્ષની એક સગીરા સાથે દુષ્કર્મનો માનવતાને શર્મશાર કરતો કિસ્સો સામે આવ્યો છે. જેમાં પાડોશમાં જ રહેતો વૃદ્ધ નરાધમ આરોપી નીકળ્યો છે. આ નરાધમે સાંજના સમયે અંધારાનો લાભ લઈ પાડોશમાં રહેતી સગીરાનું મોઢુ દબાવી દુષ્કર્મ ગુજાર્યું હતું. હવસખોરે એકવાર નહીં પણ આવીજ રીતે ત્રણ વખત ધાકધમકી આપીને આ સગીરા સાથે દુષ્કર્મ આચર્યું હતું અને ગર્ભવતી બનાવી હતી. જોકે સગીરાને મોઢામાંથી લોહી નિકળતા પરીવાર તેને ડોક્ટર પાસે લઈ ગયા ત્યો આ મામલો પ્રકાશમાં આવ્યો હતો અને સગીરાને આઠ મહિનાનો ગર્ભ હોવાનું સામે આવ્યું હતું. જે મામલે હાલ સરખેજ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાઈ છે.પ્રાપ્ત માહિતી અનુસાર, આ ઘટનામાં ભોગબનનાર ૧૪ વર્ષીય સગીરા તેના માતા-પિતા સહિતના પરિવાર સાથે અમદાવાદના સરખેજ વિસ્તારમાં રહે છે અને ધોરણ ૯માં અભ્યાસ કરે છે. ગત ૩ ઓગસ્ટે સગીરા સ્કૂલે હતી ત્યારે અચાનક નાકમાંથી લોહી નિકળવા લાગ્યું હતું. જેથી સ્કૂલ તરફથી તેની માતાને જાણ કરતા માતા તેને લેવા માટે સ્કૂલ ગઈ હતી અને ત્યાર બાદ હોસ્પિટલ લઈ ગઈ હતી.

### રાજયના મહેસૂલ વિભાગમાં બઢતી- બદલી, ૪૫ મામલતદારને બઢતી, ૮૪ મામલતદારની બદલી

। પ્રતિનિધિ, ગાંધીનગર, તા.૯ ।

રાજ્યના મહેસૂલ વિભાગમાં મામલતદારોની મોટાપાયે બઢતી અને બદલીઓ કરવામાં આવી છે. જેમાં ૪૫ મામલતદારોને બઢતી આપવામાંઆવી છે. જ્યારે ૮૪ મામલતદારોની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે.જેમાં જુનાગઢ(શહેર)ના મામલતદાર કે.એ.ત્રિવેદીની ગાંધીનગર ખાતે રેવન્યુ ઈન્સપેક્શન કમિશનરેટમાં બદલી કરવામાં આવી છે. જ્યારે ગાંધીનગર રેવન્યુ કમિશનરેટમાંમામલતદાર પડે ફરજ બજાવતા અતુલસિંગ પી.ભાટીની મહેસાણાના વિજાપુર ખાતે બદલી કરવામાં આવી છે. આમ કુલ ૮૪ મામલતદારોની તાત્કાલિક અસરથી બદલી કરવામાં આવી છે

.જ્યારે સુરતના સુરેશભાઈ માવજીભાઈ વાઘાણીની તાપી-વ્યારા જિલ્લાના ડોલવણ ખાતે મામલતદાર પદે બઢતી આપવામાં આવી છે. ઉપરાંત અમદાવાદના પલકબેન લક્ષ્મણભાઈ દેસાઈની મહેસાણાનાખેરાલુ ખાતે મામલતદાર પદે બઢતી આપવામાં આવી છે. આ પ્રકારે કુલ ૪૫ મામલતદારોને વિવિધ ઠેકાણે બઢતી આપવામાં આવી છે. રાજ્યના મહેસૂલ વિભાગમાં મામલતદારોની મોટાપાયે બઢતી અને બદલીઓ કરવામાં આવી છે. જેમાં ૪૫ મામલતદારોને બઢતી આપવામાંઆવી છે.




### ધૂમ સ્ટાઇલમાં મોબાઈલ સ્નેચિંગ કરતી

# રાજ્યના અમદાવાદ શહેરમાંથી ગેંગના ૪ સાગરિતો એલિસબ્રિજ નીચેથી ઝડપાયા : ૧૯ ફોન રિકવર

**મોજશોખ માટે મોબાઇલ ચોરતી ગેંગના ઘણા સાગરિતો માત્ર ૧૮ વર્ષની ઉંમરના । ટુકડી ઝડપાઇ જતાં સંખ્યાબંધ ગુનાના ભેદ ઉકેલાયા**






। પ્રતિનિધિ, અમદાવાદ, તા.૯ ।

અમદાવાદમાં સક્રિય બનેલી મોબાઈલ સ્નેચર ગેંગને લઈને લોકો પરેશાન થઈ ગયા છે. મોબાઈલ પર વાત કરતા જઈ રહેલા લોકોને હાથમાંથી મોબાઈલ ઝુંટવી લેતી ગેંગને કારણે શહેરીજનો મોબાઈલ પર વાત કરતા રોડ પર ચાલતા ડરી રહ્યા છે. આ ગેંગને શોધવા માટે ક્રાઈમ બ્રાંચે તપાસ શરૂ કરી હતી. પોલીસે એલિસબ્રિજ નીચે રિવરળન્ટ પરથી ગેંગના ચાર સાગરિતોને ઝડપી લઇ તેમની પાસેથી ચોરેલા ૧૯ મોબાઈલ ફોન અને એક બર્ગમેન સ્કૂટર કબજે લીધું છે. મોજ શોખ માટે મોબાઈલ સ્નેચિંગ કરતી ગેંગના કેટલાક સભ્યો તો માંડ ૧૮ વર્ષના છે. આ ટુકડી ઝડપાઈ જતાં સંખ્યાબંધ ગુનાના ભેદ ઉકેલાયા છે.અમદાવાદ ક્રાઈમ બ્રાંચને કમિશનર ઓફિસ દ્વારા શહેરમાં આતંક મચાવી રહેલી મોબાઈલ સ્નેચર ગેંગને ઝડપી લેવા આદેશ આપવામાં આવ્યો હતો. જેને પગલે એસીપી ભરત પટેલ અને ઈન્સ્પેક્ટર ડી.બી. પટેલની ટીમે જે સ્થળેથી વધુ પ્રમાણમાં મોબાઈલ સ્નેચિંગ થયા હતા તે વિસ્તારના સીસીટીવી ફુટેજ ચેક કરતાં ચોક્કસ ઉંમરના યુવાનો ધૂમ સ્ટાઈલમાં બર્ગમેન સ્કૂટર પર આવતા અને મોબાઈલ ઝુંટવીને પલાયન થઈ જતા હતા. આ કડીને આધારે તપાસ શરૂ કરી ત્યારે જ પોલીસને વિગતો મળી કે આ ગેંગના ચાર સાગરિતો રિવરળન્ટ એલિસબ્રિજ નીચે ઊભા છે. ક્રાઈમ બ્રાંચે તરત જ તેમને ઝડપી લીધા હતા. પૂછપરછ કરતાં તેમણે મોબાઈલ સ્નેચિંગની વાત કબૂલી હતી. પોલીસે તેમની પાસેથી ચોરેલા ૧૯ મોબાઈલ અને એક બર્ગમેન સ્કૂટર કબજે લીધું છે. તેઓ ઓછી ભીડવાળી જગ્યાએ એકલ દોકલ જતી મહિલા અને વડીલોને ટાર્ગેટ કરી મોબાઈલ ઝુંટવી લેતા હતા.

વધૂમાં તેઓ માત્ર મોજશોખ માટે જ આ કાંડ કરતા હોવાની કબૂલાત કરી રહ્યા છે. તેમના વિરુદ્ધ જુદા જુદા પોલીસ મથકોમાં ઘણા ગુના નોંધાયા છે. તપાસ દરમિયાન વધુ કાંડ સામે આવે તેવી સંભાવના પોલીસ જોઇ રહી છે. અમદાવાદમાં સક્રિય બનેલી મોબાઈલ સ્નેચર ગેંગને લઈને લોકો પરેશાન થઈ ગયા છે. મોબાઈલ પર વાત કરતા જઈ રહેલા લોકોને હાથમાંથી મોબાઈલ ઝુંટવી લેતી ગેંગને કારણે શહેરીજનો મોબાઈલ પર વાત કરતા રોડ પર ચાલતા ડરી રહ્યા છે. આ ગેંગને શોધવા માટે ક્રાઈમ બ્રાંચે તપાસ શરૂ કરી હતી. પોલીસે એલિસબ્રિજ નીચે રિવરળન્ટ પરથી ગેંગના ચાર સાગરિતોને ઝડપી લઇ તેમની પાસેથી ચોરેલા ૧૯ મોબાઈલ ફોન અને એક બર્ગમેન સ્કૂટર કબજે લીધું છે. મોજ શોખ માટે મોબાઈલ સ્નેચિંગ કરતી ગેંગના કેટલાક સભ્યો તો માંડ ૧૮ વર્ષના છે. આ ટુકડી ઝડપાઈ જતાં સંખ્યાબંધ ગુનાના ભેદ ઉકેલાયા છે.અમદાવાદ ક્રાઈમ બ્રાંચને કમિશનર ઓફિસ દ્વારા શહેરમાં આતંક મચાવી રહેલી મોબાઈલ સ્નેચર ગેંગને ઝડપી લેવા આદેશ આપવામાં આવ્યો હતો.

### વિધાનગરના ચાર શખ્સો સામે પોલીસ ફરિયાદ

# ભરૂચની મહિલા સાથે યુ.કે.ના સ્ટુડન્ટ વિઝા આપવાના નામે ૨૩.૨૫ લાખની છેતરપિંડી

। પ્રતિનિધિ, આણંદ , તા.૯ ।

ભરૂચ જિલ્લાના વણાકપોર ગામે રહેતા એક પટેલ મહિલાને યુ.કે.ના સ્ટુડન્ટ વિઝા આપવાના બહાને વલ્લભ વિદ્યાનગરના ત્રણ અને અમદાવાદની એક મહિલાએ ભેગા મળી તેમની પાસેથી રૂ.૨૩,૨૫,૦૦૦ મેળવી લઈ આ નાણા ચાઉં કરી વિઝા ન અપાવી છેતરપિંડી કરતા તેમના વિરુદ્ધ આજે સાંજે વિદ્યાનગર પોલીસમથકે ઈપીકો કલમ ૪૦૬,૧૧૪ મુજબ ફરિયાદ દાખલ થઈ છે.ભરૂચ જિલ્લાના વણાકપુર ગામે ૫ ીનેશકુમાર હરેશભાઈ પટેલ (ઉવ ૩૫) રહે છે અને ખેતીકામ કરે છે. તેમના પત્ની પીનલબેન એમ.એસ.સી.,બી.એડ સુધી ભણેલા છે. આ આ દંપતી અવારનવાર આણંદના જિટોડિયા ખાતે આવેલ ચેહર માતાજીના મંદિરે આવતા હતા. વર્ષ ૨૦૨૨માં રમણભાઈ બારોટ ભુવાનું કામ કરતા હતા તે વખતે વિદ્યાનગર ખાતે રહેતા તરુલતાબેન પણ ત્યાં અવારનવાર આવતા હતા. જેથી તેમની સાથે ઓળખાણ થઈ હતી. તેમનું આખુ નામ તરુલતાબેન અંબાલાલ ડુંગરભાઈ પરમાર (રહે.વિદ્યાનગર. મહાદેવ વિસ્તાર, લક્ષ-૮, સોસાયટી) હોવાનું તેમણે જણાવ્યું હતું. તેમણે પોતાના મોબાઈલ નંબર પણ આ દંપતીને આપ્યા હતા અને કહ્યું હતું તેઓ સ્ટુડન્ટ વિઝાને લગતું કામકાજ કરે છે, તમને કામ હોય તો કહેજો. પીનલબેનને યુ.કે.માં સ્ટુડન્ટ વિઝા ઉપર જવું હોઈ તેમણે આ બાબતે તરુલતાબેન સાથે વાત કરી હતી.

## સાતમ-આઠમ માટે વતન જઈ રહેલા વિદ્યાર્થીઓ કારમાં જ ભડથુ થઈ ગયા

। પ્રતિનિધિ, મોરબી,તા.૯ ।

મોરબીમાં સુરજબારી પુલ પર ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. કાર અને ટ્રક વચ્ચે અકસ્માત થતાં ૪ના કરૂણ મોત નિપજ્યા છે. કારમાં સવાર બે વિદ્યાર્થીઓ અને બે ટ્રક ડ્રાઈવરના મૃત્યુ થયા છે. કારમાં સવાર ૫ વિદ્યાર્થીઓ ઈજાગ્રસ્ત થતાં હોસ્પિટલમાં સારવાર માટે ખસેડાયા છે. ૭ વિદ્યાર્થીઓ જૂનાગઢમાં આહિર બોર્ડિંગમાં અભ્યાસ કરતાં હતાં, જેઓ સાતમ-આઠમના તહેવાર નિમિતે પોતાના વતન ગાંધીધામ જઈ રહ્યા હતા. પ્રાપ્ત માહિતી અનુસાર, મોરબીમાં સુરજબારી પુલ પર એક ટેક્રર પલટી જતાં પાછળ આવતું ટેક્રર લેન બદલવા જતું હતું, તે દરમિયાન પાછળ આવતી અર્ટીગા કાર ધડાકાભેર અથડાતાં ગંભીર અકસ્માત થયો. હાલ ટ્રક ડ્રાઈવર અને ક્લીનરની ઓળખ કરવા માટેની તપાસ ચાલુ છે. મૃતકોના મૃતદેહને પંચનામું કર્યા બાદ પોસ્ટમોર્ટમ માટે ખસેડવામાં આવશે. માળીયા મીયાણા તાલુકાના હરીપર ગામથી આગળના ભાગમાં સૂરજબારી પુલ પહેલા કન્ટેનર પલ્ટી મારી ગયું હતું, જેમા ટ્રેલર અથડાયું હતું અને તેની સાઈડમાં અર્ટિકા ગાડી અથડાઈ હતી,

## બારડોલીમાં નજીવી ટકોર બાદ ઉશ્કેરાયેલા બાઇકસવારોએ કારસવાર પર હિંસક હુમલો કર્યો

। પ્રતિનિધિ, સુરત, તા.૯ ।

બારડોલી શહેરમાં નજીવી બાબતે એક યુવકની હત્યાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. પ્રાપ્ત માહિતી અનુસાર બારડોલીના ધુલિયા ચાર રસ્તા નજીક નજીવી ટકોર બાદ ઉશ્કેરાયેલા બાઈક સવારોએ એક કારસવાર યુવકને એ હદે ઢીકા પાટુનો માર માર્યો કે કારસવારનું ઘટના સ્થળે જ કરુણ મોત થયું છે. મૃતકની ઓળખ અક્સાનગર વિસ્તારમાં રહેતા સુફિયાન રહેમાન શેખ કરીકે થઈ છે, જ્યારે આ ઘટનામાં બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચનાથી તેઓને સારવાર અર્થે હોસ્પિટલ ખસેડાયા છે. જે મામલે જાણ થતા જ શહેર પોલીસ પણ દોડતી થઈ છે.મળતી માહિતી મુજબ, આ ગંભીર ઘટના મોટી રાતના સમયે બની હતી, જ્યાં બારડોલીના અક્સાનગર, ગાંધી રોડ વિસ્તારમાં રહેતા ૪૭ વર્ષીય સુફિયાન રહેમાન શેખ મારુતિ સ્વિફ્ટ કાર ચલાવી રહ્યા હતા. દરમિયાન ધુલિયા ચાર રસ્તા કોઈ કારણસર તેમને રસ્તા પર જતા બે બાઈક સવારોને ટકોર કરી હતી. જે બાદ તેઓ ઉશ્કેરાઈ ગયા અને બોલાચાલી કરવા લાગ્યા હતા. જોત જોતામાં આ ઘટનાએ એટલું ગંભીર સ્વરુપ ધારણ કર્યું કે, જેના પરિણામે કારચાલકને જીવ ગુમાવવાનો વારો આવ્યો છે.પોલીસ સૂત્રો અનુસાર, કોઈ નજીવી બાબતે આ બંને પક્ષો વચ્ચે ઝઘડો થયો હતો અને બાઈક સવારોએ સુફિયાન પર જીવલેણ હુમલો કરી ઢીકપાટુંનો માર માર્યો હતો. આ હુમલામાં સુફિયાનને ગંભીર ઈજાઓ થઈ, જેના કારણે તેમનું ઘટનાસ્થળે જ મોત નીપજ્યું હતું. જ્યારે કારમાં સવાર અન્ય બે વ્યક્તિઓને નજીવી ઈજાઓ થઈ હતી, જેમને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતાં બારડોલી પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી તપાસ શરૂ કરી હતી.આ મામમે પોલીસે હાલ બાઈક સવાર ત્રણ આરોપીઓને ડિટેન કરી પૂછપરછ શરૂ કરી છે.






## તંત્રી લેખ..

# પ્રદુષણ રોકવા પહેલ

વાયુ પ્રદુષણને લઈને પારસ્પરિક વધારે સારી સમજ ઉભી કરવા અને વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી દેવા માટે ભારત અને અમેરિકાના વૈજ્ઞાનિકો ખુબ નજીકના અંતરથી કામ કરી રહ્યા છે. જો કે અમેરિકાનુ સૌથી મોટી યોગદાન તેના દ્વારા ભુતકાળમાં કરવામાં આવેલા સંઘર્ષને લઈને હોઈ શકે છે. જો અમેરિકાના સંઘર્ષથી ભારત શિખી શકશે તો લાભ વહેલી તકે થશે. અમેરિકા વાયુ પ્રદુષણને ઘટાડી દેવા માટે ભારતના પ્રયાસોમાં મદદરૂપ છે. અમારી પાસે કેટલાક મદદરૂપ બને તેવા ટેકનોલોજી નિષ્ણાંત લોકો રહેલા છે. સાથે સાથે ટોપના સાધન પણ છે. જે વાયુ પ્રદુષણના સ્તરને ઘટાડી શકે છે. જેમાં કે સ્ક્રબર છે. જે તાપ વીઝળી સાધનો અને ઉપકરણોમાંથી નિકળનાર ઉત્સર્જનના પ્રમાણને ઘટાડી દે છે. એવા સાધનો પણ ઉપયોગી રહે છે જે ડિઝલના વાહનોમાં રેટ્રોફિટ થઈ જાય છે. સાથે સાથે ઉત્સર્જન ઘટાડી નાંખે છે. આ ઉપરાંત પણ અતિ આધુનિક ઈલેકટ્રિક વાહન ટેકનોલોજી છે. અમારા વૈજ્ઞાનિકો અમેરિકાના વૈજ્ઞાનિકો સાથે મળીને કામ કરી રહ્યા છે. અમેરિકાના નિષ્ણાંતો પણ એક બાબત તો કબુલ કરે છે કે ભારતીય લોકો અને સરકાર યોગ્ય દિશામાં આગળ વધી રહી છે. વાયુ પ્રદુષણને ઘટાડી દેવામાં આવનાર દિવસોમાં મદદ મળી શકે છે. ભારત વાયુ પ્રદુષણને રોકવા માટે સતત પ્રયાસરત છે. ભારત દ્વારા સ્થાનિક ડેટા પર ભાર મુકે છે. જેના આધાર પર નક્કર ઉકેલ શોધી કાઢવા માટેના પ્રયાસ કરવામાં આવી રહ્યા છે. અમેરિકા આ દિશામાં ભારતને સહાયતા કરવા માટે તૈયાર છે. અમેરિકા પણ માને છે કે પોતાના સમૃદ્ધ ભવિષ્ય માટે ભારત પણ સ્વસ્થ રહે તે જરૂરી છે. વાયુ પ્રદુષણ કેટલા હદ સુધી ખતરનાક બને છે તેના પુરવા વારંવાર અભ્યાસ મારફતે મળતા રહે છે. જીનેવા સ્થિત વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (ડબલ્યુએચઓ) એ પોતાના અહેવાલમાં કહ્યું છે કે દર વર્ષે વાયુ પ્રદુષણના કારણે વિશ્વભરમાં ૨ મિલિયન અથવા તો ૨૦ લાખ લોકોના મોત થઈ જાય છે. ડબલ્યુએચઓ દ્વારા એકત્રિત કરવામાં આવેલા ડેટામાં આ મુજબ જણાવવામાં આવ્યું છે. અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ૫૧ દેશોના ૧૧૦૦ શહેરોમાંથી આંકડા એકત્રિત કરવામાં આવ્યા છે. આ આંકડા મુજબ હવાઈ પ્રદૂષણનું સ્તર સતત વધી રહ્યું છે. આના કારણે હાર્ટ સાથે સંબંધિત રોગ, ફેંફસાના કેન્સર, અસ્થમા અને શ્વાસ લેવાની તકલીફ તેમજ અન્ય ઈન્ફેકશન રોગોનો સમાવેશ થાય છે. ઘણા શહેરી વિસ્તારોમાં આ તમામ રોગ સામાન્ય બની ચૂક્યા છે. કેટલાક શહેરોમાં પ્રદૂષણની સપાટી ડબલ્યુએચઓની માર્ગદર્શિકાની સરખામણીમાં ૧૫ ઘણી વધારે છે.

## ભાષા અભ્યાસ

### સંશોધન લેખ : 'ણ' ના મૂળની તપાસ

એક વિદ્વાન પ્રોફેસર મિત્રએ મને કહ્યું કે ''ણ' અક્ષર એ પ્રાકૃતનો છે, એટલે 'ણ'થી શરુ થતા શબ્દ પણ પ્રાકૃતના છે.'' આ મુદ્દો લઈને 'ણ'ના મૂળ સુધી જવાનો મેં પ્રયાસ કર્યો, જેથી આ વિધાનમાં રહેલા અર્ધસત્ય, અસત્ય કે સત્યને તપાસી શકાય. સૌ પ્રથમ કેટલાક પ્રશ્નો કરીએ અને એના ભાષાવિજ્ઞાનીય અને તાર્કિક અભિગમથી ઉત્તરો મેળવીએ.

ગુજરાતી ભાષા સંસ્કૃતમાંથી પ્રાકૃત-અપભ્રંશ તબક્કામાંથી પસાર થઈ અવતરણ પામી છે એ સર્વવિદિત બાબત છે. માત્ર 'ણ' એકલો નહીં ગુજરાતી ભાષાની આખી બારાક્ષરી પ્રાકૃત તબક્કામાંથી પસાર થઈને આવી છે તો 'ણ' એકલાને જ પ્રાકૃત કેમ ગણવો જોઈએ?

ભગવદગોમંડલમાં 'ણ' અક્ષરની સમજૂતી આ પ્રમાણે છે- ''ણ ચસં, પું. એ નામનો મૂળાક્ષર; ટ વર્ગનો મૂર્ધસ્થાની અનુનાસિક ; ગુજરાતી ભાષાની લિપિનો છવ્વીસમો મૂળાક્ષર અને પંદરમો વ્યંજન.''(પૃ. ૩૯૩૩ ભગવદગોમંડલ કોશ) આ નોંધ પ્રમાણે સ્પષ્ટ વાત છે કે 'ણ' એ ગુજરાતી બારાક્ષરીનો જ અક્ષર છે. અહીં 'ણ' એ પ્રાકૃતનો અક્ષર છે એવો કોઈ ઉલ્લેખ નથી.


'ણ' સંસ્કૃત વર્ણમાલાનો મૂર્ધન્ય વર્ગનો પાયાનો અને ઘણો મહત્વનો વ્યંજન છે. પ્રાકૃત-અપભ્રંશમાં એનું માત્ર લિપિ- સ્વરૂપ બદલાઈને 'ણ' થાય છે. અર્થાત્ 'ણ' એ તો આપણી ભવ્ય સંસ્કૃત ભાષાનો વારસો છે. પરિણામે 'ણ' ને અવગણી શકાય નહિ. એટલે પેલા જે વિદ્વાન પ્રોફેસર મિત્ર કહે છે તે દલીલ તદ્દન ખોટી અને ભૂલભરેલી છે.

સંસ્કૃતકાલીન સાહિત્યમાં શબ્દની અંદર મધ્યમાં કે શબ્દના અંતે 'ણ' હોય એવા હજારો શબ્દો છે. મધ્યકાલીન સાહિત્યમાં પણ 'ણ' ના એવા હજારો શબ્દો છે. પરંતું પ્રાકૃતકાળમાં ભાષાવિકાસની પ્રક્રિયામાં એક અદ્ભુત પરિવર્તનકારી ઘટના બને છે, અને 'ણ' થી શરુ થતા શબ્દો સર્જાવાનું શરુ થાય છે. એ ઘટના ભાષાવિકાસની એક પરિવર્તનકારી અને મહાન ઘટના લેખાવી જોઈએ. મધ્યકાલીન અને ખાસ તો જૈનસાહિત્યમાં 'ણ' નો ભરપૂર ઉપયોગ થયો છે. જૈન સાહિત્યની હજારો હસ્તપ્રતો હજી વણ ઉકેલેલી ભંડારોમાં સચવાયેલી પડી છે. એમાં સંશોધનથી 'ણ' ના અનેક નવા શબ્દો સાંપડી શકે એમ છે.આ વારસાને જાણવા- સમજવા માટે 'ણ' થી શરુ થતા શબ્દોનો ગુજરાતી ભાષામાં વિનાસંકોચે સ્વીકાર થવો જોઈએ.

જો 'ણ' પ્રાકૃત અક્ષર હોય તો પ્રાકૃત ભાષાની બારાક્ષરી કઈ છે? એમાં કેટલા સ્વર અને વ્યંજન છે? કુલ કેટલા અક્ષર છે? આજ દિન સુધી પ્રાકૃત બારાક્ષરી કેમ જાહેર કરાઈ નથી? પ્રાકૃતમાંથી કયા અક્ષરો ગુજરાતી વર્ણમાલામાં રુપાંતરિત થયા છે અને કયા નથી થયા? જો પ્રાકૃતના અન્ય તમામ અક્ષરો ગુજરાતી ભાષામાં સ્વીકાર પામ્યા હોય તો 'ણ' એકલો બાકાત શા માટે?

ભગવદગોમંડલમાં એક સ્થળે ગેરસમજ થાય એવો ઉલ્લેખ છે કે- 'આ અક્ષરથી શરુ થતો ગુજરાતીમાં એક પણ શબ્દ નથી' આ ઉલ્લેખ પછી તે જ સ્થાને કુલ ચાર પાના ભરીને ૧૭૨ જેટલા શબ્દો તેના તમામ અર્થો સાથે આપ્યા છે. જો આ શબ્દોને ગુજરાતી ગણવા ન હોય તો ગુજરાતી શબ્દોશમાં એમનો સમાવેશ શા માટે કરાયો? આ શબ્દ ગુજરાતી ન ગણવાનું કોઈ ખાસ અનિવાર્ય અને વૈજ્ઞાનિક હોય એવું કારણ પણ અપાયું નથી. પરિણામે અહીં આ ક્ષતિ ઉદારતાથી નિવારી લેવી જોઈએ.

ડો.રાજેન્દ્રસિંહ ગોહિલ



આજકાલ

લેખક : દીપક જગતાપ

ગંગાજળમાં ઓક્સિજનનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે !

**ગંગા નદી પ્રદુષિત થઈ રહી છે અને તેમાં ઓક્સિજનનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે શાસ્ત્રોમાં જેને અત્યંત પવિત્ર, શુદ્ધ નદી કહી છે તે ગંગાનદીના ગંગાજળમાં ઓક્સિજનની માત્રા ઝડપથી ઘટી રહી છે જે ચિંતાનું કારણ બન્યું છે**

# ગંગાનું પાણી પીવાલાયક કે સ્નાન કરવા માટે પણ હવે રહ્યું નથી, સિંચાઈ માટેપણ ઉપયોગી રહ્યું નથી

**ગંગાનું પાણી પીવાલાયક કે સ્નાન કરવા માટે પણ હવે રહ્યું નથી પરંતુ સિંચાઈ માટે પણ તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી એવું પણ પર્યાવરણવાદીઓ ચેતવી રહ્યા છે ગંગા નદીમાં શ્રદ્ધાના ઘોડાપુર હંમેશા વહેતા હોવાથી તેની સાથે મોક્ષ માટે માનવી તથા પશુઓનાં મડદાં, અસ્થિ, રાખ વગેરે ગંગામાંજ પધરાવે છે**

તાજેતરમા બિહારના બક્સર જિલ્લામાં ગંગા નદીમાં તરતી ઘણી લાશો જોવા મળતા હડકંપ મચી ગયો છે. આ લાશો ફુલેલી અને સડેલી હતી. આ ભયાનક નજારો ભારતમાં કોવિડ સંકટ કેટલું ખતરનાક તે બતાવવા માટે પુરતું છે. બિહાર અને ઉત્તર પ્રદેશને અડીને આવેસા ચૌસા શહેરના ગંગા તટ પર લગભગ ઘણ બધી લાશો જોવા મળી હતી સ્થાનિક પ્રશાસનનું માનવું છે કે આ લાશો ઉત્તર પ્રદેશથી પાણીના પ્રવાહમાં વહીને આવી છે. આ લાશો કોરોના દર્દીઓની હતી!પ્રશાસનનો અંદાજ છે કે પરિવારજનોને આ લાશ દફન કરવા માટે કોઈ સ્થાન મળ્યું નહીં હોય તો તેમણે ગંગામાં પધરાવી દીધા હશે.

આ પરંપરા પાછળનું કારણ, સ્થાનિક સામાજિક કાર્યકર્તાનું કહેવું છે કે આ વિસ્તારમાં ગંગાના મૃતદેહો વહેવાની પરંપરા સદીઓ જૂની છે. તેમનું કહેવું છે કે બિહાર અને ઉત્તરપ્રદેશમાં આવા સેંકડો ગામો છે, જેમાં આ પરંપરા ચાલી રહી છે. લોકો માને છે કે ગંગામાં પાણી વહીને માણસને આઝાદી મળે છે. જોકે, હિંદુ ધાર્મિક વિધિઓમાં મોટાભાગના સંસ્મરણો બાળીને કરવામાં આવે છે,

પરંતુ ગંગાના કાંઠે વસનારા લોકો માટે ગંગા સિવાય બીજું કશું નથી, તેથી ગંગા વિના આ વિસ્તારમાં કોઈ સંસ્કાર ન થઈ શકે. તેથી જ લાશોનો ઢગલો મળ્યો, આ પહેલીવાર બન્યું નથી. આ પરંપરા જૂની છે, પરંતુ આ વખતે વધુ મોત નીપજ્યાં, આ કારણે લાશોનો ઢગલો એક સાથે મળી આવ્યો. તેમણે કહ્યું કે અગાઉ મૃત્યુ પામેલા લોકોની સંખ્યા જેટલી નથી તેટલી આજે હતી. આ જ કારણ છે કે અહીં મોટી



સંખ્યામાં શબ મળી આવી હતી. તેમણે કહ્યું કે ગંગાને સાફ કરવા માટે જે પણ પ્રોજેક્ટ ચાલી રહ્યા છે.

તેમાં પાણીનો પ્રવાહ અટકાવવાનો કોઈ પ્રયાસ કરવામાં આવ્યો નથી. આ જ કારણ છે કે આ પરંપરા આજે પણ ચાલુ છે. સમય સાથે, આ પરંપરાનો અંત લાવવા અથવા લોકોને જાગૃત કરવા માટે કોઈ પ્રયાસ કરવામાં આવ્યો ન હતો, જેના કારણે ગંગામાં પ્રદૂષણ વધી રહ્યું છે. જો કોરોના સમયગાળામાં ચેપ લાગવાના કારણે મૃત્યુ પછી લાશને આ રીતે ગંગામાં ઉતારવામાં આવી રહી છે, તો તેના પરિણામો પણ જીવલેણ હોઈ શકે છે.

આવા અનેક કારણોને કારણે ગંગા નદી પ્રદુષિત થઈ રહી છે. અને તેમાં ઓક્સિજનનું પ્રમાણ પણ ઘટી રહ્યું છે. શાસ્ત્રોમાં જેને અત્યંત પવિત્ર, શુદ્ધ નદી કહી છે તે ગંગાનદીના ગંગાજળમાં ઑક્સિજનની માત્રા ઝડપથી ઘટી રહી છે.જે ચિંતાનું કારણ બન્યું છે.જેને કારણે ગંગા નદીની જળસૃષ્ટિ માટે મોટો ખતરો ઊભો થયો છે. વિજ્ઞાનીઓની દૃષ્ટિએ પાણીમાં વસતા જળચર સજીવો માટે પાણીમાં ઓગળેલો ઑક્સિજન જરૂરી હોય છે. તે મુજબ પાણીમાં ઓગળેલા ઑક્સિજનનું પ્રમાણ લીટર દીઠ ઓછામાં ઓછું ૫ મિલી ગ્રામ હોવું જોઈએ. પરંતુ ગંગા જેવી પવિત્ર નદીમાં રસાયણોના ઠલાવાતા ઝેરી કચરાને કારણે પ્રદૂષણની માત્રા વધતી જતી હોવાથી ગંગાજળમાં ઑક્સિજનનું પ્રમાણ ક્રમશઃ ઝડપથી ઘટતું જતું હોવાથી ચિંતાનો વિષય બન્યો છે. નિષ્ણાતો દ્વારા ગંગાજળ પ્રદૂષણ ઉપર ચાલી રહેલા સંશોધનમાં ચોંકાવી દે એવા ઘણા પરિણામો સામે આવ્યા છે. કાનપુર, અલ્હાબાદ, વારાણસી અને પટના જેવા મોટા શહેરોની તમામ ગંદકી સાથે ખતરનાક રસાયણ ગંગાના પાણીને ઝેરીલું બનાવી રહ્યાં છે. ગંગાજળ પ્રદૂષણ ઉપર સંશોધન કરી રહેલા વંદના શ્રીવાસ્તવે કહ્યું હતું કે ગંગાજળમાં ઑક્સિજનનું પ્રમાણ ઝડપથી ઘટી રહ્યું છે. ગંગાજળમાં ઑક્સિજનનુંપ્રમાણ ૯ થી ૧૧ મિલિગ્રામ પ્રતિલીટરથી વધુ હોવું જોઈએ. પીવાયોગ્ય પાણીમાં ઑક્સિજનનું પ્રમાણ ૮ મિલિગ્રામ પ્રતિલિટરથી વધુ હોવુંજોઈએ. જ્યારે હુગલી પાસે ગંગામાં એ પ્રમાણ માત્ર ૧.૨ થી ૨મિલિ ગ્રામ પ્રતિલીટર રહી ગયું છે. આ કારણે જળસૃષ્ટિના જીવોની સંખ્યા ઝડપથી ઘટી રહી છે. પ્રદૂષણને કારણે ઉદ્યોગોમાંનું અને ગટરનું પાણી નદીમા ઠલવાઈ રહ્યું છે.

ગંગાનું પાણી પીવાલાયક કે સ્નાન કરવા માટે પણ હવે રહ્યું નથી પરંતુ સિંચાઈ માટેપણ તેનો ઉપયોગ કરી શકાય તેમ નથી. એવું પણ પર્યાવરણવાદીઓ ચેતવી રહ્યા છે. ગંગા નદીમાં શ્રદ્ધાના ઘોડાપુર હંમેશા વહેતા હોવાથી તેની સાથે મોક્ષ માટે માનવી તથા પશુઓનાં મડદાં, અસ્થિ, રાખ વગેરે ગંગામાંજ પધરાવે છે. અમુક જગ્યાએ તો ગંગાનું પાણી પણ સાવ કાળુંથઈ ગયું છે. કારણ કે તેમાં અગ્નિસંસ્કાર પછી ચિતાની રાખ, કોલસા,તથા અડધા બળેલા લાકડા પણ ગંગામાં પધરાવી દેવાતા હોવાથી કાર્બનિક તત્ત્વોનું પ્રમાણ વધતું જવાથી ગંગામાં ઑક્સિજનનું પ્રમાણ ઘટતું જવાથી ચિંતાનો વિષય બન્યો છે. જેટલા ઓછા તેટલું પાણી શુદ્ધ કહેવાય છે. લીટર દીઠ ૩નું પ્રમાણ સલામત ગણાય. પરંતુ પ્રદૂષિત નદીમાં તેનું પ્રમાણ ૬૦ થી ૭૦ જોવા મળ્યું છે. આમ તો વહેતા પાણીમાં એક કુદરતી શક્તિ હોય છે કે તે વહેતા પાણીમાં ભળતા કચરાનું પ્રમાણ ઓછું કરે. ગંગાની ડોલફીન હવે લુપ્તપ્રાયઃ થઈ ગઈ છે, ઘડિયાલ, મગરમચ્છ અને કાચબા જેવા જીવો ઝડપથી લુપ્ત થઈ રહ્યા છે અને માછલીઓની પણ ઘણી પ્રજાતિઓ ઉપર સંકટના વાદળો ઘેરાઈ રહ્યાં છે. તાજેતરમાં સ્વચ્છ ગંગા રિસર્ચ લેબોરેટરીએ વારાણસીકાંઠે અભ્યાસ કરી તારણ કાઢતાં જણાવ્યું હતું કે ઉપરવાસની ગંગામાં માનવ મળમૂત્રમાં થતા બેક્ટરિયાનું પ્રમાણ ૧૩ ગણું વધારે હતું જે હેઠવાસમાં વધીને ૩૦૦ ગણું થઈ ગયું હતું. વર્ષો પહેલા ગંગાના નિર્મળ જળમાં દેખાતી માછલીઓ હવે દેખાતી નથી.

એક અંદાજ મુજબ ગંગામાં રોજેરોજ ૧૩૪ લીટર ગટરનું ગંદું પાણી ઠલવાય છે. તે લોકો તેને હવે ગટરગંગા તરીકે પણ ઓળખતા થયા છે. અલ્હાબાદ અને વારાણસીમાં આજે પણ ગટરનું ગંદું પાણી ઠલવાય છે એટલું જ નહિ કાનપુરના ચામડાના ૨૦૦ કારખાનાઓમાંથી અતિઝેરી ગણાતા ક્રોમિયમવાળું દૂષિત પાણી ગંગામાં વહ્યા કરે છે. રાજ્યના પ્રદૂષણ વિભાગનું તો કહેવું છે કે જળના શુદ્ધિકરણ માટેની ટેકનોલોજી ક્રોમિયમ કેડમિયમ, અને સીસા જેવા અતિઝેરી પ્રદૂષકોને બિનઅસરકારક બનાવી શકે તેમ નથી. ગંગા નદીને કાંઠે અસંખ્ય કારખાનાઓ આવેલા હોવાથી આ કારખાનાનું ઝેરી રસાયણોવાળું પાણી ગંગા નદીમાં ઠલવાતું હોવાથી આ ગંગાજળ હવે ઝેરી બની ચૂક્યું છે. ગંગાનદીને કાંઠે શહેરીકરણનો પ્રભાવ વધ્યા પછી નદીકાંઠે પ્રદૂષિત કચરો ઠાલવવાનું પ્રમાણ દિનપ્રતિદિન વધતું જઈ રહ્યું છે. ગંગા નદીને કાંઠે ૩૧ જેટલા શહેરો અને ૮૯ નગરો વસેલાં છે તે પૈકીનું એક માત્ર કાનપુર શહેર જ રોજે રોજ ૨૦ કરોડ લીટર ગંદું પાણી ગંગા નદીમાં ઠાલવે છે.



બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટે જ કરવામાં આવે છે...

**શું આપની ઓફિસમાં ક્લાઇન્ટ નિયમિત રીતે આવે છે જો નહીં તો ઓફિસને એ જગ્યાએ રાખવી જોઇએ જ્યાં ભાડુ ઓછુ હોય છે અને ખર્ચ ઘટી શકે છે એટલે કે કોઇ પ્રાઇમ સ્થળના બદલે થોડીક ઓછી પ્રાઇમ જગ્યાએ ઓફિસ રાખી શકાય છે**

# આ ખર્ચ પર બ્રેક મુકી બચત કરો

**કેટલીક વખત એવા ખર્ચ થઇ જાય છે જેની જરૂર હોતી નથી : ૮૨ ટકા નાના કારોબાર ફ્લોપ થઇ જવા માટેનું મુખ્ય કારણ કેશ ફ્લો હોય છે**

કોઈ પણ પ્રકારના બિઝનેસને ચલાવવા માટેની બાબત સરળ હોતી નથી તે હમેંશા પડકારરૂપ હોય છે. સૈલરી, ઓફિસ ભાડા, મેન્ટેનન્સ સહિતના ખર્ચ કંપનીના ખર્ચને અનેક ગણા સુધી વધારી દે છે. પ્રિન્ટિંગ કોસ્ટ હમેંશા દરેક કંપનીને મોટા ખર્ચ કરવા પર મજબુર કરે છે. પેપર ઈન્ક અન મશીનના મેન્ટેનન્સમાં જંગી નાણાં લાગે છે. સાથે સાથે કર્મચારી પણ પોતાના કિંમતી સમય પ્રિન્ટર સાથે સંબંધિત મુદ્દાને લઈને ડીલ કરવામાં ખરાબ કરે છે. જેથી જેટલુ બની શકે તેટલા ઓછા પ્રમાણમાં પેપરના ઉપયોગની જરૂર રાખવી જોઈએ. પેપર વર્કને લઈને હમેંશા સાવધાન રહેવાની જરૂર હોય છે. કોન્ટ્રાક્ટ સાઈન કરવા માટે પણ ઓનલાઈન સિગ્નેચર સર્વિસેસનો ઉપયોગ કરી શકાય છે. જો કાગળના બદલે ટેકનોલોજીનો ઉપયોગ વધારે કરવામાં આવશે તો આપની શ્રેણીબદ્ધ સમસ્યાનો એમ જ દુર થઈ શકે છે. આઉટ ઓફ ટાઉફન કોન્ફરન્સ કરવામાં હમેંશા ખર્ચ ખુબ વધારે કરવામાં આવે છે. જેથી



આ કોસ્ટને હમેંશા માટે ઘટાડી દેવા માટે કોઈ સારા વેબ કોન્ફરન્સ સોફ્ટવેરમાં ઈન્વેસ્ટ કરી શકાય છે. જેની મદદથી કોઈ પણ સમય દુનિયામાં કોઈ પણ જગ્યાએ કોઈ વ્યક્તિ સાથે ફેસ ટુ ફેસ વાત કરી શકો છો. ટ્રાવેલિંગને બિલકુલ છોડી દેવામાં આવે તો પણ તેનાથી બચત થાય છે. જ્યાં મોટા ફાયદા થઈ રહ્યા છે ત્યાં ચોક્કસપણે જવાની જરૂર હોય છે પરંતુ ટ્રાવેલિંગ ઓચા પ્રમાણમાં કરવામાં આવે તેવી સલાહ નિષ્ણાંતો દ્વારા આપવામાં આવી રહી છે. જે કામોને ફોલોઅર્સથી કરાવી શકાય છે તે કામ માટે સ્ટાફ રાખવાની ભુલ ક્યારેય કરવી જોઈએ નહી. કેટલીક વખત મહિનામાં બે ચાર કામ જ હોય છે જેને ફોલોઅર્સથી સરળતાથી કરાવી શકાય છે. તેના માટે સ્ટાફ રાખવાની કોઈ જરૂર હોતી નથી. જો કે ફોલોઅર્સની પસંદગી કરત વેળા ક્વાલિટી પર ધ્યાન આપવામાં આવે તે જરૂરી હોય છે.

સારા ફોલોઅર્સ સારા પૈસા માંગે છે પરંતુ કામ પણ સારી ક્વાલિટી સાથે કરતા રહે છે. જે ખરાબ કામને ફરીથી કરવાના બદલે વધારે યોગ્ય છે. ફ્રી લાન્સર્સના કારણે આપને ઓફિસમાં પણ થતા નાના મોટા ખર્ચમાંથી મુક્તિ મળી જાય છે. વર્તમાન સમયમાં મોટી મોટી કંપનીઓ ફ્રી લાન્સર્સ મારફતે આગળ વધી રહી છે. કોઈ પણ બિઝનેસની શરૂઆત તો પૈસા કમાવવા માટેના ઈરાદા સાથે જ કરવામાં આવે છે. પરંતુ કેટલીક વખત એવા ખર્ચ થઈ જાય છે જે ખર્ચની ખરેખર જરૂર હોતી નથી. થોડાક દિવસ પહેલા બિઝનેસ ઈન્સાઈડરના કહેવા મુજબ ૮૨ ટકા નાના કારોબાર એટલા માટે ફ્લોપ થઈ જાય છે કે તેમની પાસે કૈશ ફ્લોની વ્યવસ્થા થઈ શકતી નથી. જો તમે પણ કોઈ નાના કારોબાર સાથે જોડાયેલા છો તો આપને કોઈ પણ કિંમતમાં કમજોર કેશ ફ્લોથી બચવાની જરૂર છે. જો કે ખર્ચ કરવાની બાબત સરળ હોતી નથી. કયા ખર્ચ જરૂરી છે અને કયા ખર્ચ જરૂરી નથી તે બાબત પર ધ્યાન આપીને ખર્ચ પર બ્રેક મુકી શકાય છે. જરૂરી ખર્ચના કારણે પૈસા કમાવવામાં આવે છે જ્યારે બિનજરૂરી ખર્ચના કારણે નાણાંનો બગાડ થાય છે. જેથી બિઝનેસ શરૂ કરવાની સાથે જ આપને આ બાબત જાણી લેવાની જરૂર હોય છે કે આપના કંપનીનો ખર્ચ કઈ રીતે વધી શકે છે. બિનજરૂરી ખર્ચને ઘટાડીને સરળતાથી નફાની દિશામાં આગળ વધી શકાય છે. મોટા સર્વિસ પ્રોવાઈડર્સ હમેંશા નાના કારોબારને એઅજ ચીજનો ઉપયોગ કરવાની ફરજ પડે છે જે તે ઓફર કરે છે. જ્યારે સામાન લોકલ ઓપ્શન પોતાની સર્વિસ માં આપની જરૂરિયાત મુજબ બદલાવ લાવી દે છે. જેથી જે મોટી કંપની સાથે આપની ડિલિંગ છે તેમની યાદી તૈયાર કરવાની જરૂર હોય છે.

# શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે

**પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે**

ઉચ્ચ શિક્ષણ સંસ્થાઓમાં કુલ સ્વીકૃત શૈક્ષણિક પદોના દસ ટકા સુધી 'પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ'ની નિયુક્તિની યોજના બહુ જ તાર્કિક છે. રાષ્ટ્રીય શિક્ષણ નીતિ -૨૦૨૦ અંતર્ગત બનેલી આ યોજના જ્ઞાન, અનુભવ અને કૌશલ્યની મહત્તા આપનારી છે. એન્જિનિયરિંગ, વિજ્ઞાન, મીડિયા, સાહિત્ય, ઉદ્યમ, સમાજ વિજ્ઞાન, લલિત કલા, નાગરિક સેવા અને સૈન્ય દળોના વ્યાવસાયિક જ્યારે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ નિયુક્ત કરાશે તો જ્ઞાનનું વિઉપનિવેશીકરણ થશે. ૧૯મી સદીમાં મેકોલીની શિક્ષણ નીતિએ જ્ઞાનનું સંસ્થાનીકરણ કરી તેને પશ્ચિમમુખી બનાવી દેવામાં આવ્યું હતું અને જ્ઞાનના બિનયુરોપીય સ્રોતની અવગણના કરવામાં આવી હતી. ભારતમાં જ્ઞાનના એ સ્રોત બહુ પહેલેથી જ વિદ્યમાન છે. ભારતની જ્ઞાન પ્રણાલીની અવગણના કરીને ભારતમાં બ્રિટિશ રાજ અને તેની શિક્ષણ નીતિનો વિસ્તાર થયો.

અંગ્રેજી શાસનની ભારતીય કલા સંપદા પર કેવી વક્ર દૃષ્ટિ હતી, તેને સખારામ ગણેશ દેઉસ્કરે ૧૯૦૪માં પ્રકાશિત પોતાના પુસ્તક 'દેશેર કથા'માં પ્રમાણો સહિત પ્રસ્તુત કરી છે. તેમણે તેનું વિસ્તારથી વર્ણન કર્યું છે કે અંગ્રેજ વેપારીઓ કઈ રીતે ભારતીય હસ્તકલા અને શિલ્પના અસાધારણ કલાકારો પર પોતાના સ્વાર્થની પૂર્તિ માટે અયોગ્ય દબાણ કરતા હતા અને અવજ્ઞા કરાતાં તેમના અંગૂઠા કે હાથ જ કાપી લેતા હતા. વિભિન્ન ક્ષેત્રોમાં એવી અસાધારણ પ્રતિભા હજુ પણ વિદ્યમાન છે. દેશના વિભિન્ન હિસ્સામાં વિભિન્ન આદિવાસી સમૂહ આજે પણ ખજૂરનાં પાંદડાં, ઘાસ, પથ્થર, લાકડીથી બનેલ દૈનિક ઉપયોગ અને સજાવટની ચીજો એટલી કલાત્મક રીતે બનાવે છે કે તેમનું ઉન્નત હસ્તશિલ્પ ચકિત કરી દે છે. ભારતીય ચિત્રકલાના બે મુખ્ય પ્રકાર છે. એક, જે પ્રાચીન કાળથી ગામડાંમાં છે. બીજી, આધુનિક કલા. પ્રાચીન કાળથી ચાલી આવતી લોક કલા સામાન્ય જીવનના અનુભવો અને પ્રયોજનો વચ્ચે વિકસિત થતી ગઈ છે. ભારતના સુદૂર ગામડાંમાં દીવાલો પર, કપડા પર એકથી એક ચડિયાતી નકશીકામ અને કલા જોઈને કોઈને પણ વિસ્મય થઈ શકે છે. પારંપરિક અને આધુનિક બંને કલાઓનું અલગ મહત્ત્વ છે. બંનેએ પોતપોતાના સામાજિક માળખામાં



વિકાસ કર્યો છે. પારંપરિક કલાઓએ ગામડાંમાં અને અકાદમિક કલાએ શહેરોમાં. ભારતના સંદર્ભે બંને સત્ય છે અને બંનેના આઈનામાં કલાનું શિક્ષણ ઉપયોગી બની શકે છે. એવી પ્રતિભાઓ પાસે જ્ઞાન, કૌશલ્ય અને અનુભવનો ખજાનો છે, પરંતુ ઉપેક્ષિત રહી ગઈ છે, તેમને પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજના સાથે જોડવાથી તેમની પ્રતિભાનો યોગ્ય ઉપયોગ થઈ શકશે અને તેમના પ્રશિક્ષણમાં છાત્રોના વ્યવસાયિક કૌશલ્યને નિખારવા અને તેમને સંબંધિત ઉદ્યોગ કે વ્યવસાય અનુસાર ઢાળવામાં મદદ મળશે.

આ યોજનાથી અનુભવી, યોગ્ય શિક્ષકો અને વિષય વિશેષજ્ઞોની કમી પણ પૂરી થશે. એવા વ્યવસાયિક જેમની પાસે પીએચડી, નેટ કે ઔપચારિક શિક્ષણ નથી, પરંતુ પોતાના વ્યવસાયમાં ૧૫ વર્ષનો અનુભવ છે, તેમણે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે એક વર્ષથી લઈને વધુમાં વધુ ત્રણ વર્ષ સુધી માટે નિયુક્તિ મળી શકે છે. કોઈ વિશેષ મામલે એક વર્ષનો સેવા વિસ્તાર પણ મળી શકે છે. દેખીતું છે કે પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ બનનારા વ્યાવસાયિક ત્રણ-ચાર વર્ષોના પોતાના સેવાકાળમાં પણ પોતાના અનુભવ, જ્ઞાન અને કૌશલ્યથી વિદ્યાર્થીઓના જ્ઞાન અને કૌશલ્યને વધારવામાં બહુ સહાયક થશે. મહાત્મા ગાંધી પણ આ જ કૌશલ્યના તરફદાર હતા. ગાંધીજી ઈચ્છતા હતા કે બાળકો હાથથી લખવાનું શીખતાં પહેલાં ઓજાર ચલાવવાનું શીખે. તેમના માટે 'હાથની તાલીમ'નો મતલબ એ હતો કે વિદ્યાર્થી એવી વસ્તુઓ બનાવે જે બજારમાં વેચી શકાય. ગાંધીજી તેની તરફદારી એટલા માટે કરતા હતા, કારણ કે હાથથી કામ કરવાનું કૌશલ્ય જ એ ચીજ છે, જે મનુષ્યને પશુથી અલગ કરે છે. ગાંધીજીને તેનો બોધ હતો કે વિદ્યાર્થીના કામની ગુણવત્તા તેમને સન્માન પણ અપાવશે. સમાજમાં કામની ગુણવત્તા હંમેશાં સન્માનિત થતી રહી છે. શિક્ષણ જોકે આજીવિકા અને તેના દ્વારા જરૂરિયાતની પૂર્તિનું સાધન છે, એવામાં ઉપયોગી હસ્તકલા શીખનારા પોતાની આજીવિકા માટે તેનો આશ્રય લઈ શકે છે અને એ પ્રણાલીથી આત્મનિર્ભર પણ બની શકે છે.

પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ રૂપે કામ કરનારાઓ પાસે એ અપેક્ષા સ્વાભાવિક રહેશે કે તેઓ વિદ્યાર્થીઓને વ્યાવહારિક પ્રશિક્ષણ આપીને તેમને આત્મનિર્ભર બનાવામાં સહયોગ કરે. સાથે જ ઉદ્યોગોની જરૂરિયાતો અને રાષ્ટ્રની જરૂરિયાતને અનુકૂળ વિદ્યાર્થીઓની અંદર કૌશલનું નિર્માણ કરે. પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાની સાર્થકતા એના પર નિર્ભર કરશે કે તે વિદ્યાર્થીને વ્યાવહારિક પ્રશિક્ષણ, કૌશલ્ય અને રોજગારના કેટલા અવસર ઉપલબ્ધ કરાવે છે અને નવી પેઢીને ભવિષ્યમાં આવનારા પડકારો માટે કેટલી તૈયાર કરે છે. આજે શીખવાનું પરિવેશ ઝડપથી પરિવર્તિત થઈ રહ્યું છે. મૌખિકથી લેખિત થઈને આપણે ડિજિટલ દુનિયામાં દાખલ થઈ ગયા છી. તેથી હવે ડિજિટલ દુનિયાને અનુકૂળ વિદ્યાર્થીને કામ શીખવવું પડશે.

ઓનલાઈન શિક્ષણ એક એવો વિકલ્પ છે, જેની હવે ઉપેક્ષા સંભવ નથી. શિક્ષણની પારંપરિક પદ્ધતિઓની સાથે ઉત્તરોત્તર આધુનિક ટેકનિકનો સમન્વય હવે અનિવાર્ય છે, કારણ કે ફક્ત પારંપરિક શિક્ષણ પર ટકેલા રહેવાથી કેટલીય નવી ચીજો છૂટી જશે અને તે શિક્ષણ પણ એકાંગી થઈને રહી જશે. એક અગ્રગામી, ગતિશીલ અને ઉત્તરોત્તર આધુનિક શિક્ષણ પદ્ઘતિનો માર્ગ પ્રશસ્ત કરતાં પ્રોફેસર ઓફ પ્રેક્ટિસ યોજનાએ પોતાની ભૂમિકા અને ઉપયોગિતા સુનિશ્ચિત કરવી પડશે. જરૂરિયાત પ્રમાણે જ્ઞાન મેળવવું, જ્ઞાનના માધ્યમથી વિદ્યાર્થીનો પરિષ્કાર અને જ્ઞાનનો સમ્યક ઉપયોગ સુનિશ્ચિત કરવો સમયની માંગ છે.



Cyber Octet™

CYBER SECURITY AND
ETHICAL HACKING
TRAINING IN AHMEDABAD

BECOME A CYBER SECURITY SPECIALIST
WITH FALGUN RATHOD

## Learn Ethical Hacking & Cyber Security

WHY JOIN CYBER OCTET ?

- LEARN MORE THAN 120 TOPICS UNDER ONE ROOF AT #CYBEROCTET
- TASK AND RESEARCH BASED TRAINING
- 100 % PLACEMENT ASSISTANCE
- LIVE PROJECTS
- INTERNATIONAL ACCREDIATION

TRAINING BY:- THE MOST EXPERIENCED TRAINER "MR.FALGUN RATHOD" LISTED IN INDIA'S TOP 10 ETHICAL HACKERS AND CYBER SECURITY EXPERT

ADVANCED DIPLOMA IN ETHICAL HACKING AND CYBER SECURITY (1 YEAR)

## WHO CAN JOIN

STUDENTS | WORKING PROFESSIONALS | BUSINESS OWNERS

Contact Now

C-709,Titanium City Center, Prahladnagar road, Ahmedabad

91 7405321234

info@cyberoctet.com

www.cyberoctet.com

## યુપીમાં ભારે વરસાદ ચાલુ છે,૨૪ જિલ્લાઓ પૂરની ઝપેટમાં, એક અઠવાડિયા સુધી કોઈ રાહતની અપેક્ષા નથી

# રક્ષાબંધન પર ભારે વરસાદથી દિલ્હી-એનસીઆરમાં પાણી ભરાયા । રસ્તાઓ તળાવમાં ફેરવાઈ ગયા

**હવામાન વિભાગે ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ, દક્ષિણ-પૂર્વ અને મધ્ય દિલ્હીના કેટલાક ભાગોમાં વીજળી અને ગાજવીજ સાથે ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું હતું । પરંતુ બાદમાં તેને પીળા એલર્ટમાં ઘટાડી દીધું હતું**

। નવીદિલ્હી, તા.૯ ।

રાત્રિભરમાં રાષ્ટ્રીય રાજધાની સહિત એનસીઆરમાં ભારે વરસાદ પડ્યો. આને કારણે રક્ષાબંધનની સવારે ઘણા વિસ્તારો પાણી ભરાઈ ગયા હતા. હવામાન વિભાગે દિવસ દરમિયાન વધુ વરસાદની આગાહી કરી છે. શનિવારે સવારે, ભારતીય હવામાન વિભાગે ઉત્તર, પશ્ચિમ, દક્ષિણ, દક્ષિણ-પૂર્વ અને મધ્ય દિલ્હીના કેટલાક ભાગોમાં વીજળી અને ગાજવીજ સાથે ભારે વરસાદનું રેડ એલર્ટ જારી કર્યું હતું, પરંતુ બાદમાં તેને પીળા એલર્ટમાં ઘટાડી દીધું હતું. હવામાન વિભાગે લોકોને સતર્ક રહેવાની સલાહ આપી છે.

હવામાન વિભાગ દ્વારા શેર કરાયેલા ડેટા અનુસાર, શનિવારે સવારે ૮.૩૦ વાગ્યા સુધી, દિલ્હીના પ્રાથમિક હવામાન મથક સફદરજંગમાં ૭૮.૭ મીમી, પ્રગતિ મેદાનમાં ૧૦૦ મીમી, લોધી રોડ પર ૮૦ મીમી, પુસામાં ૬૯ મીમી અને પાલમમાં ૩૧.૮ મીમી વરસાદ નોંધાયો હતો. શુક્રવારે રાત્રે ૧૧ વાગ્યે શરૂ થયેલા વરસાદથી લોકોને ગરમીથી રાહત મળી. આ દરમિયાન, દિલ્હી-દ્રઝઈ ના ઘણા ભાગોમાં ભારે વરસાદ પડ્યો. પંચકુઈયા માર્ગ, મથુરા રોડ, શાસ્ત્રી ભવન, આરકે પુરમ, મોતી બાગ, કિદવાઈ નગર અને અન્ય ઘણા વિસ્તારોમાં વરસાદને કારણે ભારે પાણી ભરાયા.







### દિલ્હી-એનસીઆરના ઘણા ભાગોમાં વરસાદને કારણે એઈમ્સ નજીક ટ્રાફિક

દિલ્હી-એનસીઆરના ઘણા ભાગોમાં વરસાદને કારણે એઈમ્સ નજીક ટ્રાફિક ઠપ થઈ ગયો છે. રાજધાનીમાં ભારે વરસાદ પછી બારાપુલ્લા પુલ પાસે વાહનોની ધીમી ગતિ અને જામ જોવા મળ્યો. મુશળધાર વરસાદ પછી દિલ્હીના ઘણા વિસ્તારોમાં પાણી ભરાયા છે. રક્ષાબંધન પર દિલ્હી એનસીઆરમાં ભારે વરસાદ શહેરના ઘણા ભાગોમાં પાણી ભરાયા છે હવામાન નિષ્ણાતો કહે છે કે ૧૧-૧૨ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ ઉત્તર પશ્ચિમ બંગાળની ખાડીમાં ચક્રવાતી પરિભ્રમણ બનવાની સંભાવના છે, જે આગામી ૨૪ કલાકમાં મજબૂત બનશે અને દેશના આંતરિક ભાગમાં જશે. આ ચોમાસાના પ્રવાહને દક્ષિણ તરફ ખસેડશે, જેનાથી ચોમાસાની સ્થિતિનો અંત આવશે અને દિલ્હી-એનસીઆરમાં વરસાદ થશે. શનિવારે સવારે તાપમાન ૨૩.૮ ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જે સરેરાશ કરતા ૩.૨ ડિગ્રી ઓછું હતું.

### પૂરને કારણે રાજ્યમાં અરાજકતા છે અને ૨૨ જિલ્લાઓમાં સ્થિતિ ખૂબ જ ખરાબ : અખિલેશ યાદવ

સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું છે કે પૂરને કારણે રાજ્યમાં અરાજકતા છે અને ૨૨ જિલ્લાઓમાં સ્થિતિ ખૂબ જ ખરાબ છે. ગંગા, યમુના, રાપ્તી, સરયુ, ઘાઘરા નદીઓ છલકાઈ રહી છે. પૂરની ઝપેટમાં ઘણા લોકોએ જીવ પણ ગુમાવ્યા છે. મુખ્ય રસ્તાઓથી કપાયેલા વિસ્તારોમાં લોકો સમસ્યાઓનો સામનો કરી રહ્યા છે. પ્રાણીઓની સ્થિતિ વધુ ખરાબ છે. સરકાર કોઈ વ્યવસ્થા કરતી ન હોવાનો આરોપ લગાવ્યો છે. તેવી જ રીતે, મહત્તમ તાપમાન ૩૨ ડિગ્રી સેલ્સિયસની આસપાસ રહેવાની ધારણા છે. પ્રાદેશિક હવામાન કેન્દ્ર લખનૌના વરિષ્ઠ વૈજ્ઞાનિક અતુલ કુમાર સિંહે જણાવ્યું હતું કે ઉત્તરી પંજાબમાં રચાયેલા નવા પશ્ચિમી વિક્ષેપની અસરને કારણે, ચોમાસાનો વરસાદ ફરીથી વેગ પકડશે. ઉત્તરી પંજાબમાં પશ્ચિમી વિક્ષેપ યુપી તરફ આગળ વધી રહ્યો છે અને અરબી સમુદ્રમાંથી પૂરતા પ્રમાણમાં ભેજ લાવી રહ્યો છે.

### દરમિયાન ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ

દરમિયાન ઉત્તર પ્રદેશના વિવિધ વિસ્તારોમાં ભારે વરસાદ ચાલુ છે. પ્રયાગરાજ, વારાણસી, બદાયૂં, ઉન્નાવ, કાનપુર સહિત રાજ્યના ઉત્તરથી દક્ષિણ સુધીના લગભગ ૨૪ જિલ્લાઓ પૂરની ઝપેટમાં છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર, એક અઠવાડિયા સુધી વરસાદથી રાહત મળવાની કોઈ આશા નથી.બંગાળની ખાડીમાં સર્જાયેલા વિક્ષેપ અને ઉત્તર ઓડિશામાં ચક્રવાતી પરિભ્રમણની અસરને કારણે, ૧૧ ઓગસ્ટથી રાજ્યના વિવિધ વિસ્તારોમાં ફરી ભારે વરસાદ શરૂ થવાના સંકેતો છે. શુક્રવારે ગોંડા, બહરાઈચ, લખીમપુર ખીરી, બારાબંકી, અયોધ્યા વગેરેમાં ભારે વરસાદ જોવા મળ્યો. ગોંડામાં સૌથી વધુ ૨૧૦ મીમી વરસાદ નોંધાયો હતો. તે જ સમયે, અયોધ્યામાં ૧૭૦ મીમી, બહરાઈચ અને સુલતાનપુરમાં ૧૬૦ મીમી વરસાદ પડ્યો. પશ્ચિમ યુપીમાં ૯ અને ૧૦ ઓગસ્ટે સારા વરસાદની શક્યતા છે. શનિવારે રાજ્યના ૩૦ જિલ્લાઓમાં ભારે વરસાદની ચેતવણી આપવામાં આવી છે. તે જ સમયે, ૪૦ જિલ્લાઓમાં ગાજવીજ સાથે વીજળી પડવાની સંભાવના છે.

## જમ્મુ-કાશ્મીરના કુલગામમાં ૨ જવાન શહીદ, એક આતંકી ઠાર

। જમ્મુ-કાશ્મીર, તા.૯ ।

જમ્મુ-કાશ્મીરના કુલગામથી રક્ષાબંધનના દિવસે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કુલગામના અખાલ વિસ્તારમાં આતંકીઓ સાથે નવમા દિવસે પણ અથડામણની સ્થિતિ જોવા મળી. સમગ્ર વિસ્તારમાં જોરદાર ધડાકા અને ફાયરિંગનો અવાજ ગુંજતો રહ્યો. જે દરમિયાન ભારતીય સૈન્યના બે જવાન શહીદ થઈ ગયા. જોકે અન્ય બે જવાન ગત રાત્રે ઈજાગ્રસ્ત થયા હતા. અત્યાર સુધી ભારતીય સૈન્યને જ મોટું નુકસાન અત્યાર સુધી એન્કાઉન્ટરમાં એક આતંકીનો મૃતદેહ મળી આવ્યો હતો. જોકે કુલ બે જવાન શહીદ અને દસ જવાન ઈજાગ્રસ્ત થઈ ગયા છે. સૂત્રો કહે છે કે ગાઢ જંગલ અને પ્રાકૃતિક ગુફાઓ જેવા ઠેકાણાઓનો લાભ લઈને કમ સે કમ ત્રણ કે તેનાથી વધુ આતંકી હજુ ત્યાં છુપાયેલા છે. આ એન્કાઉન્ટર છેલ્લા દાયકામાં સૌથી લાંબા ચાલેલો આતંકવાદ વિરોધી અભિયાન બની ગયો છે. જમ્મુ-કાશ્મીરના કુલગામથી રક્ષાબંધનના દિવસે એક દુઃખદ સમાચાર સામે આવ્યા છે. કુલગામના અખાલ વિસ્તારમાં આતંકીઓ સાથે નવમા દિવસે પણ અથડામણની સ્થિતિ જોવા મળી. સમગ્ર વિસ્તારમાં જોરદાર ધડાકા અને ફાયરિંગનો અવાજ ગુંજતો રહ્યો.

## ઓપરેશન સિંદૂર દરમિયાન અમે ૫ પાકિસ્તાની ફાઇટર જેટ તોડી પાડ્યા હતાઃ વાયુસેના પ્રમુખ

। નવીદિલ્હી, તા.૯ ।

વાયુસેના વડા અમર પ્રીત સિંહે ઓપરેશન સિંદૂર દરમિયાન ભારતીય વાયુસેનાની કાર્યવાહી અંગે મોટું નિવેદન આપ્યું છે. તેમણે કહ્યું કે ઓપરેશન સિંદૂર દરમિયાન અમારી સેનાએ છ પાકિસ્તાની વિમાનોને તોડી પાડ્યા હતા. તોડી પાડવામાં આવેલા વિમાનોમાં પાંચ પાકિસ્તાની ફાઈટર જેટ અને એક જાસૂસી (રિકોનિસન્સ) વિમાન એડબ્લ્યુએસીએસનો સમાવેશ થાય છે. વાયુસેનાના વડાએ કહ્યું કે અમે આ ઓપરેશન દ્વારા પાકિસ્તાનને સ્પષ્ટ સંદેશ આપ્યો છે.

તમને જણાવી દઈએ કે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનને થયેલા નુકસાન અંગે ભારતીય વાયુસેના તરફથી આ પહેલું સત્તાવાર નિવેદન છે.

બેંગલુરુમાં એક કાર્યક્રમમાં બોલતા, વાયુસેનાના વડા માર્શલ એપી સિંહે હવાઈ હુમલાનો શ્રેય જી-૪૦૦ વાયુ સંરક્ષણ પ્રણાલીને આપ્યો. તેમણે કહ્યું કે આ અમારા દ્વારા (બહાવલપુર - જૈશ-એ-મોહમ્મદના મુખ્યાલય પર) થયેલા નુકસાન પહેલા અને પછીના ચિત્રો છે. અહીં લગભગ કોઈ અવશેષો બાકી નથી. આસપાસની ઈમારતો લગભગ સંપૂર્ણપણે સુરક્ષિત છે. અમારી પાસે ફક્ત સેટેલાઈટ છબીઓ જ નહીં, પરંતુ સ્થાનિક મીડિયામાંથી પ્રાપ્ત ચિત્રો પણ હતા, જેના દ્વારા અમે અંદરના ચિત્રો મેળવી શકીએ છીએ.

## ભાવને કાબૂમાં રાખવા સરકારે આઝાદપુર મંડીમાંથી ટામેટાની ખરીદી શરૂ કરી

# તહેવારોમાં ભાવને નિયંત્રણમાં રાખવા સરકાર ૩ લાખ જેટલી ટન ડુંગળી બજારમાં ઠાલવશે

**કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન તથા જાહેર વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અગાઉના વર્ષોથી વિપરીત આ ચોમાસામાં બટાકા, ડુંગળી તથા ટામેટા જેવા મુખ્ય શાકભાજીની કિંમત નિયંત્રણમાં રહેવા પામી**

। નવીદિલ્હી, તા.૯ ।

તહેવારોની મોસમમાં શાકભાજીના ભાવોને નિયંત્રણમાં રાખવાના પ્રયાસોના ભાગરૂપે સરકારે ચાલુ વર્ષે ૩ લાખ ટન ડુંગળીની ખરીદી કરી છે. ડુંગળીના આ જથ્થો સપ્ટેમ્બરથી તબક્કાવાર બજારમાં વેચાણ માટે મુકાશે. આ અંગે માહિતી આપતાં કેન્દ્રીય ગ્રાહક બાબતો, ખાદ્યાન્ન તથા જાહેર વિતરણ મંત્રાલયે એક નિવેદનમાં જણાવ્યું હતું કે, અગાઉના વર્ષોથી વિપરીત આ ચોમાસામાં બટાકા, ડુંગળી તથા ટામેટા જેવા મુખ્ય શાકભાજીની કિંમત નિયંત્રણમાં રહેવા પામી છે. ગત વર્ષની તુલનાએ ૨૦૨૪-૨૫માં બટાકા તથા ડુંગળીના ઊંચા ઉત્પાદનને પગલે પુરવઠો પૂરતા પ્રમાણમાં જળવાઈ રહ્યો હોવાની સાથે સાથે જ છૂટક કિંમત ગયા વર્ષની સરખામણીએ નીચી રહેવા પામી છે.



નિવેદનમાં વધુ જણાવ્યાં અનુસાર, વર્તમાન કેલેન્ડર વર્ષ દરમિયાન ખાદ્ય પદાર્થોની કિંમતો મહદઅંશે સ્થિર અને નિયંત્રણ હેઠળ રહેવા પામી છે.

ગ્રાહક બાબતોના વિભાગ દ્વારા કરાયેલા નિરીક્ષણ અનુસાર, મોટાભાગની કોમોડિટીઝના ભાવમાં સ્થિરતાનું અથવા તો વાર્ષિક ધોરણે ઘટાડાનું વલણ જોવા મળ્યું હતું. જુલાઈ, ૨૦૨૫માં ઘરમાં બનેલા ભોજનની થાળીની કિંમતમાં જોવાયેલો ૧૪ ટકાનો ઘટાડો મહિના દરમિયાન ખાદ્ય ફુગાવો સતત હળવો થઈ રહ્યો હોવાનું સૂચવે છે. નિવેદનમાં વધુમાં જણાવ્યાં અનુસાર, દેશના વિવિધ કેન્દ્રોમાં ટામેટાના છૂટક ભાવનું કારણ મૂળભૂત માગ-પુરવઠાના અસંતુલન અથવા ઉત્પાદનની ઘટ નહીં બલ્કે હંગામી સ્થાનિક પરિબળો છે. આ સંદર્ભે નેશનલ કોઓપરેટિવ કન્ઝ્યૂમર્સ ફેડરેશન ઓફ ઈન્ડિયા (એનસીસીએફ)એ ૪ ઓગસ્ટથી આઝાદપુર મંડીમાંથી ટામેટાની ખરીદી શરૂ કરી તેનું ન્યૂનતમ નફા સાથે ગ્રાહકોને વેચાણ શરૂ કર્યું છે. આજ દિન સુધીમાં એનસીસીએફએ કિલો દીઠ રૂ. ૪૭થી ૬૦ની છૂટક કિંમતે ૨૭,૩૦૭ કિલોગ્રામ ટામેટાનું વેચાણ કર્યું છે. દિલ્હીમાં હાલ ટામેટા રૂ. ૭૩ના કિલો વેચાય છે. જેનું મુખ્ય કારણ ઉત્તર તથા ઉત્તર-પશ્ચિમ ભારતમાં થયેલો ભારે વરસાદ છે. તહેવારોની મોસમમાં શાકભાજીના ભાવોને નિયંત્રણમાં રાખવાના પ્રયાસોના ભાગરૂપે સરકારે ચાલુ વર્ષે ૩ લાખ ટન ડુંગળીની ખરીદી કરી છે. ડુંગળીના આ જથ્થો સપ્ટેમ્બરથી તબક્કાવાર બજારમાં વેચાણ માટે મુકાશે.

**કૉંગ્રેસ અને તૃણમૂલ કૉંગ્રેસ વચ્ચે સમાધાન થયું**

## રાહુલ ગાંધીના ઘરે યોજાયેલી ડિનર પાર્ટીના સંકેતો

। નવીદિલ્હી, તા.૯ ।

આગામી વર્ષે બંગાળ વિધાનસભાની ચૂંટણી પહેલા તૃણમૂલ કોંગ્રેસ અને કોંગ્રેસ વચ્ચે સમાધાન થવાના સંકેતો છે. રાહુલ ગાંધીના ઘરે વિપક્ષી ગઠબંધન ભારતના નેતાઓની તાજેતરમાં યોજાયેલી ડિનર પાર્ટીમાં કંઈક આવું જ જોવા મળ્યું. ટીએમસી સાંસદ અભિષેક બેનર્જી પણ વિપક્ષી ગઠબંધન ભારતના નેતાઓ સાથે ડિનર પાર્ટીમાં પહોંચ્યા હતા. આ દરમિયાન, તેઓ રાહુલ ગાંધી સાથે ઘણા મુદ્દાઓ પર વાત કરતા જોવા મળ્યા હતા.ટીએમસી અને કોંગ્રેસ વચ્ચે વિપક્ષી ગઠબંધન ભારતને લઈને તણાવ હતો. તાજેતરમાં, ટીએમસીના વડા મમતા બેનર્જીએ પશ્ચિમ બંગાળમાં ભારત ગઠબંધનના અંત વિશે વાત કરી હતી. તેમણે એકલા ચલો રે અભિગમ અપનાવવાની વાત કરી હતી. આ પછી, કોંગ્રેસ સતત ટીએમસીના નિશાના પર રહી છે. પરંતુ ગુરુવારે સાંજે, રાહુલ ગાંધીની ડિનર પાર્ટીમાં પરિસ્થિતિ બદલાઈ ગઈ.ટીએમસીના મહાસચિવ અભિષેક બેનર્જીએ ડિનર પાર્ટીમાં હાજરી આપી હતી. તેમણે રાહુલ ગાંધી સાથે વાત કરી હતી. બંને નેતાઓએ અલગથી વિગતવાર વાત કરી હતી. આમાં, બેનર્જીએ ગાંધીને બંગાળમાં ચૂંટણી પંચ દ્વારા પ્રસ્તાવિત સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝનના ટીએમસીના વિરોધ વિશે માહિતી આપી હતી. કોંગ્રેસ અને ટીએમસી ચોમાસા સત્ર દરમિયાન ઘણા મુદ્દાઓ પર સંમત થયા છે.તે જ સમયે, કોંગ્રેસે મમતા બેનર્જી વિરુદ્ધ અવાજ ઉઠાવનારા તેના નેતા અધીર રંજન ચૌધરીને પીસીસી પ્રમુખ પદ પરથી દૂર કર્યા છે. તેમના સ્થાને શુભંકર સરકારને ઉમેદવાર બનાવવામાં આવ્યા છે. બંગાળમાં આગામી વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણી પહેલા બંને પક્ષોના ટોચના નેતૃત્વ વચ્ચેના સંબંધોને ફરીથી મજબૂત બનાવવાના પ્રયાસો પર રાજકીય નિરીક્ષકો ચાંપતી નજર રાખી રહ્યા છે. ૨૦૧૧ માં, મમતા બેનર્જી ડાબેરી સરકારને ઉથલાવીને સત્તામાં આવ્યા હતા અને કોંગ્રેસ તેમની સાથે જોડાણમાં હતી. ત્યારથી, રાજ્યમાં કોંગ્રેસનું પ્રદર્શન સતત ઘટી રહ્યું છે અને તે ૨૦૨૧ ની બંગાળ વિધાનસભા ચૂંટણીમાં એક પણ બેઠક જીતી શક્યું નથી.

## ભારતે પાકિસ્તાનના મોટાભાગના ડ્રોન તોડી પાડ્યા, ઘણા સારી સ્થિતિમાં મળી આવ્યા : સીડીએસ ચૌહાણ

। નવીદિલ્હી, તા.૯ ।

ભારતના સીડીએસ જનરલ અનિલ ચૌહાણે ઓપરેશન સિંદૂર દરમિયાન પાકિસ્તાનના હુમલાઓ વિશે મોટો ખુલાસો કર્યો છે. તેમણે જણાવ્યું છે કે ઓપરેશન સિંદૂર દરમિયાન, પાકિસ્તાને ભારત સામે નિઃશસ્ત્ર ડ્રોનનો ઉપયોગ કર્યો હતો. જો કે, આમાંથી કોઈ પણ પાકિસ્તાની ડ્રોન ભારતીય લશ્કરી અને નાગરિક માળખાને નુકસાન પહોંચાડી શક્યું નથી. આમાંથી મોટાભાગનાને કાઈનેટિક અને નોન-કાઈનેટિક પદ્ધતિઓના સંયોજન દ્વારા તટસ્થ કરવામાં આવ્યા હતા.કેટલાકને લગભગ સંપૂર્ણ સ્થિતિમાં પણ પુનઃપ્રાપ્ત કરવામાં આવ્યા હતા.''

## ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભારત ગઠબંધન પણ ઉમેદવાર ઉભા રાખી શકે છે, શરદ પવારનો સંકેત

। મુંબઈ, તા.૯ ।

ઉપરાષ્ટ્રપતિ ચૂંટણીમાં ભારત ગઠબંધન પણ પોતાનો ઉમેદવાર ઉભા રાખી શકે છે. ભારત ગઠબંધન આ અંગે વિચારી રહ્યું છે.એનસીપી એસપી જૂથના નેતા શરદ પવારે શનિવારે જણાવ્યું હતું કે ઉપરાષ્ટ્રપતિ પદની ચૂંટણીમાં ભારત ગઠબંધન ઉમેદવાર કોણ હશે તે નક્કી કરવા માટે અમે આ અઠવાડિયે એક બેઠક કરીશું અને અમે અમારું નામ આપીશું.એક પ્રશ્નના જવાબમાં તેમણે કહ્યું કે અમે આ સંદર્ભમાં એક બેઠક કરીશું. જેમાં સંભવિત નામ પર વિચાર કરવામાં આવશે. તેમણે કહ્યું કે હું આનાથી વધુ માહિતી આપી શકતો નથી. તમને જણાવી દઈએ કે ઉપરાષ્ટ્રપતિ પદ માટે ચૂંટણી પ્રક્રિયા ચાલી રહી છે. નામાંકન માટેની છેલ્લી તારીખ ૨૧ ઓગસ્ટ છે. ચૂંટણી ૯ સપ્ટેમ્બરે યોજવી જરૂરી બનશે. શરદ પવારે પત્રકાર પરિષદમાં કહ્યું કે બિહારમાં એસઆઈઆર અંગે અમને કેટલીક શંકાઓ છે. છેલ્લા ૧૫ દિવસથી આ મુદ્દે સંસદમાં હોબાળો ચાલી રહ્યો છે. સંસદ કાર્યરત નથી. ડોનાલ્ડ ટ્રમ્પના ટેરિફ પર પ્રતિક્રિયા આપતા શરદ પવારે કહ્યું કે તેમને લાગે છે કે અમેરિકા ભારત પર દબાણ લાવી રહ્યું છે. અમને લાગે છે કે આવા મુદ્દાઓ પર, આપણે બધા દેશવાસીઓએ દેશના હિતોનું રક્ષણ કરવા માટે સરકારને સહયોગ આપવો જોઈએ.શું સરકારની રાજદ્વારી નિષ્ફળ ગઈ છે? આ અંગે પ્રતિક્રિયા આપતા શરદ પવારે કહ્યું કે હું એવું કહેવા માંગતો નથી. અમે ટ્રમ્પનો અભિગમ પહેલા પણ જોયો છે અને હજુ પણ જોઈ રહ્યા છીએ.

**મદ્રાસ હાઇકોર્ટે તમિલનાડુ પોલીસની ઝાટકણી કાઢી** | **એક ફેસબુક પોસ્ટમાં ભગવાન શ્રીકૃષ્ણને ગોપીઓના વસ્ત્રો લઈને ભાગતા દેખાડવામાં આવ્યા હતા અને આ પોસ્ટમાં ખરાબ કેપ્શન લખવામાં આવ્યું હતું**

# અભિવ્યક્તિની આઝાદીના નામે હિન્દુ દેવતાઓનું અપમાન કરી શકો નહીં : મદ્રાસ હાઈકોર્ટ

। ચેન્નઇ, તા.૯ ।

હિન્દુ દેવતાઓના અપમાન સંબંધિત કેસ મામલે મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ પોલીસની ઝાટકણી કાઢી છે. હાઈકોર્ટે કહ્યું છે કે હિન્દુ દેવી-દેવતાઓને અપમાનજનક રીતે રજૂ કરાય તે ઉચિત નથી.આ સાથે જ કોર્ટે ફેસબુક પોસ્ટ લઈને નોંધેલા કેસની તપાસ કરવાની રીત અને તેને બંધ કરવા પર પણ પોલીસની ટીકા કરી છે.

એક ફેસબુક પોસ્ટમાં ભગવાન શ્રીકૃષ્ણને ગોપીઓના વસ્ત્રો લઈને ભાગતા દેખાડવામાં આવ્યા હતા અને આ પોસ્ટમાં ખરાબ કેપ્શન લખવામાં આવ્યું હતું.મદ્રાસ હાઈકોર્ટના જસ્ટિસ કે.મુરલી શંકરે મામલાની સુનાવણી દરમિયાન કહ્યું



કે, ધાર્મિક ચિત્રોને કેવી રીતે દેખાડવામાં આવી રહ્યા છે, એમાં સંવેદનશીલતા રાખવી જોઈએ. સરકારે એ પણ સુનિશ્ચિત કરવું જોઈએ કે અભિવ્યક્તિની આઝાદીની કારણે ધાર્મિક ભાવનાને ઠેસ પહોંચાડી શકાય નહીં. ચોથી ઓગષ્ટના ચુકાદામાં કોર્ટે કહ્યું કે, હિન્દુ દેવી-દેવતાઓને અપમાનજનક રીતે રજૂ કરવા, લાખો લોકોની ભાવનાને જાણીજોઈને ઠેસ પહોંચાડવાની બાબતને ઉચિત ઠેરવી શકાય નહીં. આવા કામ દુશ્મની, ધાર્મિક ઉન્માદ, સામાજિક અવ્યવસ્થા અને સાંપ્રદાયિક તણાવને ભડકાવી શકે છે. એવામાં એ જરુરી છે કે આ પ્રકારની ચીજોને સંવેદનશીલતાની સાથે રજૂ કરવી જોઈએ. ઉલ્લેખનીય છે કે એક પોસ્ટ પર બે કોમેન્ટ એવી હતી, જેમાંથી એકમાં લખવામાં આવ્યું હતું કે કૃષ્ણજયંતિ એવા વ્યક્તિનું પર્વ છે, જે સ્નાન કરતી મહિલાઓના કપડાં ચોરે છે - આ કોમેન્ટ સતીશકુમાર નામના યુઝરે કરી હતી. તેના પર પી પરમસિવન નામના વ્યક્તિએ ક્રિમિનલ કેસ નોંધાવ્યો હતો, અને આક્ષેપ લગાવ્યો હતો કે હિન્દુ દેવતાઓના અપમાન માટે પોસ્ટ કરવામાં આવી હતી. જોકે, પોલીસને કોમેન્ટ કરનાર વ્યક્તિ અંગે કોઈ માહિતી મળી નહીં. માર્ચમાં ટ્રાયલ કોર્ટે પોલીસ રિપોર્ટ સ્વીકારી લીધો, જેમાં કેસને અનડિટેક્ટેડ ગણાવ્યો હતો.

ત્યાર પછી કેસ બંધ કરવાની પ્રક્રિયા શરુ કરવામાં આવી હતી. હાઈકોર્ટે આ કેસની ગંભીરતાપૂર્વક તપાસ નહીં કરવાને લઈને પોલીસની પણ ઝાટકણી કાઢી છે. આ સાથે જ તપાસ શરુ કરવા અને ત્રણ મહિનાની અંદર ફાઈનલ રિપોર્ટ રજૂ કરવા આદેશ કર્યો છે. હિન્દુ દેવતાઓના અપમાન સંબંધિત કેસ મામલે મદ્રાસ હાઈકોર્ટે તમિલનાડુ પોલીસની ઝાટકણી કાઢી છે.

## ન્યૂઝ બ્રિફ



### બાબર આઝમે રન બનાવવાના મામલે શાકિબ અલ હસનને પાછળ છોડી દીધો

। નવીદિલ્હી, તા.૯ ।

વેસ્ટ ઈન્ડિઝ અને પાકિસ્તાન વચ્ચેની પહેલી વનડે ૮ ઓગસ્ટના રોજ બ્રાયન લારા ક્રિકેટ સ્ટેડિયમ ખાતે રમાઈ હતી, જ્યાં પાકિસ્તાનની ટીમે ૫ વિકેટથી જીત મેળવી હતી. આ મેચમાં, પાકિસ્તાનના અનુભવી બેટ્સમેન બાબર આઝમે ૪૭ રન બનાવ્યા હતા અને આ દરમિયાન તેણે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં રન બનાવવાના મામલે બાંગ્લાદેશના દિગ્ગજ ઓલરાઉન્ડર શાકિબ અલ હસનને પાછળ છોડી દીધો હતો.આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં, બાબર આઝમે અત્યાર સુધીમાં ૩૫૮ મેચોની ૩૧૯ ઈનિંગ્સમાં ૪૬.૨૦ ની સરેરાશથી ૧૪૭૪૦ રન બનાવ્યા છે. બાબરના નામે ૩૧ સદી અને ૧૦૨ અડધી સદી છે. તે જ સમયે, શાકિબ અલ હસનના નામે ૪૯૧ મેચોની ૪૪૭ ઈનિંગ્સમાં ૧૪૭૩૦ રન છે. તેણે બાંગ્લાદેશ માટે પોતાની છેલ્લી મેચ ઓક્ટોબર ૨૦૨૪ માં રમી હતી. શાકિબના નામે ૧૪ સદી અને ૧૦૦ પચાસથી વધુનો સ્કોર છે. બાબર આઝમ મોટી ઈનિંગ્સ રમવામાં નિષ્ફળ ગયોબાબર આઝમ લગભગ ૫ાંચ મહિના પછી આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં પાછો ફર્યો. ચેમ્પિયન્સ ટ્રોફી પછી પાકિસ્તાન ટીમે ચોક્કસપણે ટી ૨૦ શ્રેણી રમી છે, પરંતુ બાબર તે ટીમનો ભાગ નહોતો. તે જ સમયે, પાકિસ્તાને આ સમયગાળા દરમિયાન કોઈ ટેસ્ટ શ્રેણી રમી નથી. આ મેચમાં બાબર આઝમ પાસે મોટી ઈનિંગ રમવાની તક હતી પરંતુ તે ૪૭ રન બનાવીને આઉટ થઈ ગયો હતો. ૬૪ બોલની આ ઈનિંગ દરમિયાન બાબરે પાંચ ચોગ્ગા અને એક છગ્ગા ફટકાર્યા હતા.

### 'ચિન્ટુ' બિહાર ચૂંટણીમાં પ્રવેશી, ચિરાગ અને માંઝીની પાર્ટી ફરી સામસામે

। પટણા, તા.૯ ।

બિહાર ચૂંટણી માટે ત્રણ મહિનાથી વધુ સમય બાકી છે, પરંતુ એવું નથી કે રાજકારણનો અભાવ છે. તેના બદલે, દરેક પસાર થતા દિવસ સાથે તે વધી રહ્યું છે અને મસાલેદાર બની રહ્યું છે. બંને મુખ્ય ગઠબંધનોમાં ઝઘડો ચાલી રહ્યો છે. તાજેતરનું ઉદાહરણ બે એનડીએ સાથી પક્ષ, ચિરાગ પાસવાન અને જીતન રામ માંઝીનો પક્ષ છે.કેટલાક સમયથી બંને પક્ષો વચ્ચે અનેક મુદ્દાઓ પર ઉગ્ર ટકરાવ ચાલી રહ્યો છે. બંને પક્ષો દલિતોનું પ્રતિનિધિત્વ કરે છે. પછી ભલે તે બેઠક વહેંચણીનો મામલો હોય કે બિહારમાં કાયદો અને વ્યવસ્થાનો, આ બંને પક્ષો એકબીજા પર હુમલો કરવાની કોઈ તક છોડતા નથી. હવે બંને વચ્ચે એક કાલ્પનિક પાત્ર પ્રવેશી ગયું છે, જેનું નામ 'ચિન્ટુ' રાખવામાં આવ્યું છે. તે ત્યારે શરૂ થયું જ્યારે ચિરાગ પાસવાને ૧૨ જુલાઈના રોજ એક્સ પર એક પોસ્ટ લખી, જેમાં બિહારના કાયદા અને વ્યવસ્થા પર પ્રશ્નો ઉભા કર્યા. લગભગ બે કલાક પછી, જીતન રામ માંઝીએ ચિરાગનું નામ લીધા વિના વળતો પ્રહાર કર્યો અને એક્સ પર લખ્યું કે ગઠબંધન ધર્મનું પાલન કરે. પછી શું, બંને પક્ષોના બાકીના નેતાઓ પણ મેદાનમાં ઉતર્યા.

# ઇઝરાયલી સેનાએ ૭ ઓક્ટોબરના હુમલાનો બદલો લીધો । હમાસ આતંકવાદી સંગઠનના ૫ ખતરનાક કમાન્ડરોને મારી નાખ્યા





ગાઝા : ૭ ઓક્ટોબર ૨૦૨૩ ના રોજ તેલ અવીવ પર હમાસના આતંકવાદી હુમલાનો વધુ એક ખતરનાક બદલો ઇઝરાયલી સેનાએ લીધો છે. ઇઝરાયલી સુરક્ષા દળોએ ઇઝરાયલી હુમલામાં સામેલ ૫ ખતરનાક આતંકવાદીઓને મારી નાખ્યા છે. આ કાર્યવાહી આઈડીએફ અને આઈએસએ દ્વારા સંયુક્ત રીતે કરવામાં આવી છે.ઇઝરાયલી સેનાએ આ હુમલામાં ૫ સૌથી ખતરનાક આતંકવાદીઓને નર્કમાં મોકલી દીધા છે. આમાં મુરાદ નાસિર મુસા અબુ જરાદનું નામ શામેલ છે, જે ઇસ્લામિક જેહાદ આતંકવાદી સંગઠનની બૈત હનૌન બટાલિયનના ડેપ્યુટી કમાન્ડર હતા. ગાઝા શહેરમાં ઇસ્લામિક જેહાદના એન્ટી-ટેક યુનિટના ડેપ્યુટી હેડ મહમૂદ શુકરી તૈયમ દુરદસાવી પણ આ હુમલામાં માર્યા ગયા છે. આ ઉપરાંત, મોઆત્સિમ નિદાલ અહેમદ સખલાવીને પણ ઇઝરાયલી સેનાએ માર્યા ગયા છે.તે પીઆઈજે આતંકવાદી સંગઠનમાં કંપની કમાન્ડર તરીકે કામ કરતો હતો. તે બૈત હનૌન બટાલિયનનો ઓપરેટર પણ હતો. આ સાથે, ઇસમ અહેમદ અબ્દુલ્લા અતમના, જે હમાસ આતંકવાદી હતો અને બૈત હનૌન બટાલિયનમાં રોકેટ અને મોર્ટાર હુમલાનો લીડર હતો, તેનું પણ મોત થયું છે. આ હુમલામાં,આઈડીએફે હમાસના અન્ય એક ખતરનાક આતંકવાદી ઇસ્માઈલ ઇબ્રાહિમ અબ્દુલ્લા નઈમને પણ મારી નાખ્યો છે, જે બૈત હનૌનની સ્નાઈપિંગ સ્કવોડનો વડા હતો.ઇઝરાયલી સેનાએ એકસ વિશે આ બધા ભયાનક આતંકવાદીઓના મોત અંગે માહિતી શેર કરી છે.

## રાજેશ ખન્નાની પૌત્રી પાછળ પેપ્સ, નર્વસ નાઓમિકા જોઈને યુઝર્સ ગુસ્સે થયા



। મુંબઈ, તા.૯ ।

સ્વર્ગસ્થ સુપરસ્ટાર રાજેશ ખન્નાની પૌત્રી નાઓમિકા સરન છેલ્લા કેટલાક દિવસોથી સતત ચર્ચામાં છે. થોડા મહિના પહેલા, નાઓમિકા તેની દાદી ડિમ્પલ કાપડિયા સાથે એક કાર્યક્રમમાં હાજરી આપી હતી, જેના પછી તે સતત ચર્ચામાં છે. એવી પણ ચર્ચા છે કે નાઓમિકા ટૂંક સમયમાં બોલીવુડમાં ડેબ્યૂ કરી શકે છે. આ દરમિયાન, તેનો એક વીડિયો સોશિયલ મીડિયા પર ઘણી હેડલાઈન્સ બનાવી રહ્યો છે. આ વીડિયોમાં, નાઓમિકા પાપારાઝીઓથી ભાગતી જોવા મળે છે, પરંતુ પાપારાઝીઓ તેનો પીછો છોડવા તૈયાર નથી. આ વીડિયો જોયા પછી, સોશિયલ મીડિયા યુઝરનો ગુસ્સો પણ વધી ગયો છે. નાઓમિકા સરનનો આ વીડિયો સેલિબ્રિટી પાપારાઝી ઈન્સ્ટન્ટ બોલીવુડ દ્વારા શેર કરવામાં આવ્યો છે, જેમાં નાઓમિકા ગ્રે ટી-શર્ટ અને જીન્સ પહેરીને એક સ્ટોરમાંથી બહાર આવતી જોવા મળે છે, ત્યારે અચાનક ઘણા પાપારાઝીઓ તેને ઘેરી લે છે. આ જોઈને નાઓમિકા અસ્વસ્થ થઈ જાય છે અને પાપ ારાઝીઓથી બચવા અને તેની કાર સુધી પહોંચવા માટે ઝડપથી ચાલવા લાગે છે, પરંતુ પાપારાઝીઓ તેનો પીછો છોડવા તૈયાર નથી.

### ટ્રમ્પના વધુ એક તઘલખી નિર્ણય સામે અમેરિકામાં વિરોધ ઊભો થઇ શકે

# યુએસમાં ગેરકાયદે પ્રવાસીઓ પર સકંજો વસતી ગણતરી કરાવવા ટ્રમ્પનો આદેશ

**અમેરિકાના બંધારણ મુજબ દેશમાં પ્રતિ ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે નિયમો મુજબ આ દરમિયાન રાજ્યના તમામ વ્યક્તિઓની ગણતરી કરવામાં આવે છે**

। નવી દિલ્હી, તા.૯ ।

અમેરિકામાં ગેરકાયદે પ્રવાસીઓને ભીંસમાં લેવા માટે નવા પ્રયાસના ભાગરૂપે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં જલદી વસ્તી ગણતરી કરાવવા માટે આદેશ કર્યો છે. આ આદેશમાં ટ્રમ્પે કહ્યું કે, આ પ્રક્રિયામાં એ વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવે કે કોઈ પણ ગેરકાયદે પ્રવાસીની ગણતરી થાય નહીં. જાણવાની વાત એ છે કે નિયમ મુજબ દેશમાં ૨૦૩૦માં વસતી ગણતરી થવાની છે. પરંતુ ટ્રમ્પે તેને અગાઉ શરૂ કરી દેવાનો આદેશ કરી દીધો છે. તેમના આ વધુ એક તઘલખી નિર્ણય સામે અમેરિકામાં વિરોધ થઈ શકે છે. ડોનાલ્ડ ટ્રમ્પે એક ચોક્કસ વસતી ગણતરીના આદેશ આપીને ટ્રુથ સોશિયલ પર એક પોસ્ટ કરીને કહ્યું કે, મેં વાણિજ્ય વિભાગને સૂચના આપી છે કે એ આધુનિક તથ્યો અને આંકડા પર આધારિત સૌથી મહત્વપૂર્ણ વાત, ૨૦૨૪ના રાષ્ટ્રપતિ ચૂંટણીમાંથી પ્રાપ્ત પરિણામો અને સૂચનાઓનો ઉપયોગ કરીને, એક નવી અને ખૂબ ચોક્કસ વસ્તી ગણતરી પર તરત કામ શરકરો. આ સાથે ટ્રમ્પે કહ્યું કે, જે લોકો આપણા દેશમાં ગેરકાયદે રહી રહ્યા છે, તેમની ગણતરી કરવામાં આવે નહીં.ઉલ્લેખનીય છે કે, અમેરિકાના બંધારણ મુજબ દેશમાં



પ્રતિ ૧૦ વર્ષે વસ્તી ગણતરી કરવામાં આવે છે. નિયમો મુજબ આ દરમિયાન રાજ્યના તમામ વ્યકતિઓની ગણતરી કરવામાં આવે છે. એમાં દેશમાં ગેરકાયદે રહેતા લોકો પણ સામેલ છે. અમેરિકામાં આગામી વસ્તી ગણતરી ૨૦૨૩માં થવાની છે. જોકે, ટ્રમ્પે અચાનક વસ્તી ગણતરી કરાવવાનો આદેશ કરી દીધો છે. હજુ એ સ્પષ્ટ થયું નથી કે ટ્રમ્પે જે વસ્તી ગણતરી પર ચર્ચા કરી, એ દેશવ્યાપી વસ્તી ગણતરીની પ્રક્રિયા છે કે ટ્રમ્પ કોઈ સર્વેની વાત કરી રહ્યા છે. આ પહેલા ટ્રમ્પે પોતાના પ્રથમ કાર્યકાળમાં પણ આ પ્રકારના પગલાં ભરવાની કોશિશ કરી હતી. જોકે, સુપ્રીમ કોર્ટે તેના પર રોક લગાવી હતી. ટ્રમ્પે નવી વસ્તી ગણતરીની માંગ એવા સમયે કરી છે જ્યારે અમેરિકામાં ૨૦૨૬માં યોજાનાર મિડ-ટર્મ ચૂંટણીની તૈયારી શરૂ થઈ છે.પ ેલેસ્ટેનિયનોનાં મોત થયા હોવાના હમાસ સંચાલિત ગાઝાના આરોગ્ય મંત્રાલયે કર્યો હતો. અમેરિકામાં ગેરકાયદે પ્રવાસીઓને ભીંસમાં લેવા માટે નવા પ્રયાસના ભાગરૂપે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દેશમાં જલદી વસ્તી ગણતરી કરાવવા માટે આદેશ કર્યો છે. આ આદેશમાં ટ્રમ્પે કહ્યું કે, આ પ્રક્રિયામાં એ વાતનું ખાસ ધ્યાન રાખવામાં આવે કે કોઈ પણ ગેરકાયદે પ્રવાસીની ગણતરી થાય નહીં. જાણવાની વાત એ છે કે નિયમ મુજબ દેશમાં ૨૦૩૦માં વસતી ગણતરી થવાની છે.

**બંધકોની વાપસી મુદ્દે ઇઝરાયેલમાં નેતન્યાહૂ સરકારનો વિરોધ વધ્યો**

## ગાઝામાં લશ્કરી નિયંત્રણની યોજનાને ઇઝરાયેલ સુરક્ષા કેબિનેટની લીલીઝંડી

**હમાસ પાસે ઇઝરાયેલના ૫૦થી વધુ લોકો બંધક છે । જેમની સ્થિતિ અત્યંત દયનિય હોવાનો ઘટસ્ફોટ હાલમાં એક વીડિયોમાં થયો હતો**

। જેરુસલેમ, તા.૯ ।

ઈઝરાયેલી સુરક્ષા કેબિનેટે ગાઝામાં હમાસના વર્ચસ્વનો ખાતમો બોલાવવાના ઉદ્દેશ સાથે ગાઝા શહેર પર લશ્કરી નિયંત્રણના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની યોજનાને મંજૂરી આપી દીધી છે. આ સાથે જ ગાઝા પર ઈઝરાયેલના લશ્કરી દળો હુમલાઓ વધારે તેવી પ્રબળ સંભાવના છે. ઈઝરાયેલ પાંચ મુદ્દાના લક્ષ્ય સાથે ગાઝા પર લશ્કરી નિયંત્રણ મેળવવાને પ્રાથમિકતા આપી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ઈઝરાયેલમાં સરકાર વિરોધી દેખાવોમાં વધારો થયો છે. ગાઝામાં રહેલા ઈઝરાયના બંધકોને મુક્ત કરાવવા તેમજ યુદ્ધનો અંત લાવવાની માંગ સાથે અનેક લોકો રસ્તા પર ઉતર્યા છે. હમાસ પાસે ઈઝરાયેલના ૫૦થી વધુ લોકો બંધક છે. જેમની સ્થિતિ અત્યંત દયનિય હોવાનો ઘટસ્ફોટ હાલમાં એક વીડિયોમાં થયો હતો.સરકારનો નોંધપાત્ર વિરોધ થઈ રહ્યો છે. યોજના પાંચ મુખ્ય સિદ્ધાંતો ધરાવે છે. જેમાં હમાસને નિઃશસ્ત્ર કરવું, તમામ બંધકોની વાપસી, ગાઝામાં લશ્કરીકરણ, ઈઝરાયેલનું ગાઝા પર સુરક્ષા નિયંત્રણ અને ત્યાં હમાસ અથવા પેલેસ્ટેનિયન સત્તા ના હોય તેવું વહિવટીતંત્ર સ્થાપવાને પ્રાથમિકતા અપાઈ છે. ઈઝરાયેલી ડિફેન્સ ફોર્સ (આઈડીએફ) નાગરિકોને યુદ્ધ ક્ષેત્ર બહાર અન્ન પુરવઠો પૂરો પાડવાનું ચાલુ રાખશે અને ગાઝા પર નિયંત્રણની કવાયત શરૂ કરશે. ઈઝરાયેલી સુરક્ષા કેબિનેટે ગાઝામાં હમાસના વર્ચસ્વનો ખાતમો બોલાવવાના ઉદ્દેશ સાથે ગાઝા શહેર પર લશ્કરી નિયંત્રણના વડાપ્રધાન બેન્જામિન નેતન્યાહુની યોજનાને મંજૂરી આપી દીધી છે. આ સાથે જ ગાઝા પર ઈઝરાયેલના લશ્કરી દળો હુમલાઓ વધારે તેવી પ્રબળ સંભાવના છે. ઈઝરાયેલ પાંચ મુદ્દાના લક્ષ્ય સાથે ગાઝા પર લશ્કરી નિયંત્રણ મેળવવાને પ્રાથમિકતા આપી રહ્યું છે. છેલ્લા કેટલાક દિવસોથી ઈઝરાયેલમાં સરકાર વિરોધી દેખાવોમાં વધારો થયો છે. ગાઝામાં રહેલા ઈઝરાયના બંધકોને મુક્ત કરાવવા તેમજ યુદ્ધનો અંત લાવવાની માંગ સાથે અનેક લોકો રસ્તા પર ઉતર્યા છે. હમાસ પાસે ઈઝરાયેલના ૫૦થી વધુ લોકો બંધક છે. જેમની સ્થિતિ અત્યંત દયનિય હોવાનો ઘટસ્ફોટ હાલમાં એક વીડિયોમાં થયો હતો. સરકારનો નોંધપાત્ર વિરોધ થઈ રહ્યો છે. યોજના પાંચ મુખ્ય સિદ્ધાંતો ધરાવે છે.

## બ્રેક અપ પછી પણ દિશા અને ટાઈગર વચ્ચે મધુર સંબંધ



। મુંબઈ, તા.૯ ।

બોલીવૂડનાં અનેક કપલ વચ્ચે બ્રેક અપ બાદ અબોલા થઈ જાય છે. કેટલાક સંજોગોમાં તો બંને વચ્ચે કડવાશ પણ પ્રવર્તતી હોય છે. તેથી વિરુદ્ દિશા પટાણી અને ટાઈગર શ્રોફે બ્રેક અપ પછી એકબીજા માટે કોઈ જાતની કડવાશ વિના મધુર સંબંધ જાળવી રાખ્યા છે. આ વાતનો પુરાવો તાજેતરમાં એક ઈવેન્ટમાં જોવા મળ્યું હતું. આ ઈવેન્ટમાં દિશા અને ટાઈગર બંને બ્લેક વસ્ત્રોમાં સજ્જ થઈને આવ્યાં હતાં. બંને એકબીજાને ઉમળકાભેર મળ્યાં હતાં. જાણે કે જૂના મિત્રો મળતાં હોય તેવું તેમનું વર્તન રહ્યું હતું. આશરે છ વર્ષ સુધી ડેટિંગ બાદ ટાઈગર અને દિશાનું બ્રેક અપ થઈ ગયું હતું. દિશાને લગ્નની ઉતાવળ હતી પરંતુ ટાઈગર તે માટે સંમત થયો ન હતો. દિશાએ બ્રેક અપ પછી પણ ટાઈગરના પરિવાર સાથે પણ સંબંધો યથાવત જાળવી રાખ્યા છે. તે ટાઈગરની માતા તથા બહેન સાથે પણ અવારનવાર જોવા મળે છે. જાહેરમાં એકમેકને ઉમળકાથી મળ્યાં ટાઈગરના સમગ્ર પરિવાર સાથે પણ દિશાના સંબંધો અગાઉ જેવા યથાવત મુંબઈ : બોલીવૂડનાં અનેક કપલ વચ્ચે બ્રેક અપ બાદ અબોલા થઈ જાય છે. કેટલાક સંજોગોમાં તો બંને વચ્ચે કડવાશ પણ પ્રવર્તતી હોય છે. તેથી વિરુદ્ દિશા પટાણી અને ટાઈગર શ્રોફે બ્રેક અપ પછી એકબીજા માટે કોઈ જાતની કડવાશ વિના મધુર સંબંધ જાળવી રાખ્યા છે.

## વૈભવી જીવન છોડી ગામમાં જઇને વસી ગઇ જેકી શ્રોફની દીકરી

। મુંબઈ, તા.૯ ।

જેકી શ્રોફની દીકરી કૃષ્ણા બાળપણથી જ વૈભવી જીવન જીવે છે પરંતુ પોતાની લિમિટ્સને પુશ કરવા તે રિયાલિટી શો ‘Chhoriyan Chali Gaon’માં આવી છે. આ શૉ માં કૃષ્ણા જે ફેમિલી સાથે રહે છે, તેની તે ફેવરેટ દીકરી બની ચૂકી છે. પરંતુ ગામની દેશી લાઈફમાં એડજસ્ટ કરવામાં તેને મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. છેલ્લા એપિસોડમાં બતાવવામાં આવ્યું હતું કે, કેવી રીતે કૃષ્ણા પરેશાન થઈ જાય છે. પેટ સાફ ન થવાના કારણે તે કોઈ કામ નથી કરી શકતી. તે સરખી રીતે ખાઈ પણ નથી શકતી. કૃષ્ણા કહે છે કે ‘જ્યાં સુધી મારું પેટ સાફ ન થઈ જાય ત્યાં સુધી મારી બોડી આવી રીતે ફંકશન ન કરી શકે. હું હવે એક પણ અનાજનો દાણો ન ખાઈ શકું. હું પરેશાન થઈ ગઈ છું. હું કંઈ નથી કરી શકતી.’ઘરમાં ભુજીયા સેવ બને છે પરંતુ કૃષ્ણા તે પણ નથી ખાઈ શકતી. સ્ટાર કિડની આવી હાલત જોઈને ગામની મહિલા રડવા લાગે છે. તે કૃષ્ણાને સમજાવે છે કે તું દવા ખાઈને સ્વસ્થ થઈ જઈશ. કૃષ્ણા મહિલાને રડતા જોઈને તેને ભેટી પડે છે અને કહે છે કે ‘આન્ટી તમે રડશો નહીં. તમે દિલના ખૂબ જ સાચા છો. હું અહીં આવીને ખૂબ જ ખુશ છું. હું નથી ઈચ્છતી કે તમને ખરાબ ફીલ થાય. કારણ કે તમારા કારણે કંઈ નથી થયું. મારુ સ્ટ્રીક્ટ રૂટીન છે.

## ટ્રમ્પે ભારતને રશિયા અને ચીનથી દૂર કરવાના દાયકાઓના પ્રયાસોને જોખમમાં મૂક્યા છે, ભૂતપૂર્વ સહાયક

। વોશિંગ્ટન, તા.૯ ।

રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના ભૂતપૂર્વ સહાયક જોન બોલ્ટને ભારત સાથેના ટેરિફ મુદ્દા પર સરકારને ઘેરી લીધી છે. ટ્રમ્પના ભૂતપૂર્વ સહાયકે કહ્યું છે કે અમેરિકાએ ભારતને રશિયા અને ચીનથી દૂર કરવાના દાયકાઓથી ચાલી રહેલા પ્રયાસોને જોખમમાં મૂક્યા છે. તેમણે રશિયા પાસેથી તેલ ખરીદવા બદલ અમેરિકા દ્વારા ભારત પર લાદવામાં આવેલા ભારે ટેરિફ વિશે વાત કરતી વખતે આ વાત કહી હતી. ભૂતપૂર્વ રાષ્ટ્રીય સુરક્ષા સલાહકારે ભારતની તુલનામાં ચીન પ્રત્યે ટ્રમ્પના પક્ષપાતની પણ ટીકા કરી હતી અને કહ્યું હતું કે તે “મોટી ભૂલ” સાબિત થઈ શકે છે. ટ્રેન્ડિંગ વીડિયો વિડિઓ પ્લેયર લોડ થઈ રહ્યું છે. ટ્રમ્પે એપ્રિલમાં ચીન સાથે ટૂંકા વેપાર યુદ્ધ શરૂ કર્યું હતું પરંતુ ત્યારથી તે વધ્યું નથી. બીજી તરફ, તેમણે ભારત પર ૫૦% થી વધુ ટેરિફ લાદ્યા છે. આમાં યુક્રેન સાથે ચાલી રહેલા તણાવ વચ્ચે રશિયાને ભંડોળ પૂરું પાડવા માટે લાદવામાં આવેલ વધારાના ૨૫% ટેરિફનો સમાવેશ થાય છે. જાહેરાત બોલ્ટને કહ્યું કે ટેરિફને કારણે અમેરિકાને “સૌથી ખરાબ પરિણામો” ભોગવવા પ ડ્યા, કારણ કે અપેક્ષાઓથી વિપરીત ભારતે “ખૂબ જ નકારાત્મક” પ્રતિક્રિયા આપી કારણ કે તેણે જોયું કે ચીન પર ટેરિફ લાદવામાં આવી રહ્યા નથી. સીએનએન સાથે વાત કરતા, બોલ્ટને ટેરિફ એપિસોડને વિડંબના ગણાવ્યો. તેમણે કહ્યું કે રશિયાને નુકસાન પહોંચાડવાના હેતુથી ભારત પર પ્રસ્તાવિત દંડ ભારતને રશિયા અને ચીનની નજીક લાવી શકે છે, અને કદાચ તેમને યુએસ સામે એકસાથે વાટાઘાટો કરવા દબાણ કરી શકે છે. “ટ્રમ્પનો ચીન પ્રત્યે નરમ વલણ અને ભારત પર ભારે ટેરિફ ભારતને રશિયા અને ચીનથી દૂર કરવાના દાયકાઓથી ચાલી રહેલા પ્રયાસોને ધમકી આપે છે,” ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ સહાયકે ભાર મૂક્યો.

**ટ્રમ્પની હાજરીમાં શાંતિ કરાર પર હસ્તાક્ષર** | **ટ્રમ્પે સાઇનિંગ સેરેમનીમાં કહ્યું કે, ‘અમે ૩૫ વર્ષ સુધી લડ્યા, હવે અમે મિત્રો છીએ અને લાંબા સમય સુધી મિત્રો રહીશું”**

# બે કટ્ટર ‘શત્રુ’ દેશો વચ્ચે ૩૫ વર્ષ જૂની દુશ્મનીનો અંત

। વૉશિંગ્ટન, તા.૯ ।

અમેરિકાની મધ્યસ્થી હેઠળ બે જૂના હરીફો અઝરબૈજાન અને આર્મેનિયાએ શુક્રવારે ઐતિહાસિક શાંતિ કરાર પર હસ્તાક્ષર કર્યા. આ બેઠક વ્હાઈટ હાઉસ ખાતે અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની હાજરીમાં થઈ હતી. આ કરારનો હેતુ માત્ર દાયકાઓ જૂના સંઘર્ષનો અંત લાવવાનો નથી, પરંતુ બંને દેશો વચ્ચે આર્થિક સહયોગ અને રાજદ્વારી સંબંધોને મજબૂત બનાવવાનો પણ છે. આ કરાર ટ્રમ્પ વહીવટીતંત્ર માટે એક મોટી સિદ્ધિ છે અને તે રશિયામાં ગભરાટ ફેલાવશે તે નિશ્ચિત છે, જે આ ક્ષેત્રને તેના પ્રભાવના ક્ષેત્રમાં માને છે.ટ્રમ્પે સાઈનિંગ સેરેમનીમાં કહ્યું કે,



‘અમે ૩૫ વર્ષ સુધી લડ્યા, હવે અમે મિત્રો છીએ... અને લાંબા સમય સુધી મિત્રો રહીશું.’’

સમારોહમાં ટ્રમ્પ સાથે અઝરબૈજાનના પ્રમુખ ઈલ્હામ અલીયેવ અને આર્મેનિયાના પ્રમુખ નિકોલ પશિનિયન પણ હાજર હતા. બંને દેશો વચ્ચેના વિવાદનું મૂળ નાગોર્નો-કારાબાખ પ્રદેશ છે, જે અઝરબૈજાનનો ભાગ હોવા છતાં, વંશીય રીતે આર્મેનિયન વસ્તી ધરાવતો વિસ્તાર છે. ૧૯૮૦ના દાયકાના અંતમાં આર્મેનિયાના સમર્થનથી તે અલગ થઈ ગયું હતું. ૨૦૨૩માં, અઝરબૈજાને સંપૂર્ણ નિયંત્રણ મેળવ્યું, ત્યારબાદ લગભગ ૧ લાખ વંશીય આર્મેનિયનો આર્મેનિયા ગયા.ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું કે બંને દેશોએ લડાઈ બંધ કરવા, રાજદ્વારી સંબંધો ફરી શરૂ કરવા અને એકબીજાની પ્રાદેશિક અખંડિતતાનો આદર કરવા પ્રતિબદ્ધતા વ્યક્ત કરી છે.

આ કરાર દક્ષિણ કાકેશસ દ્વારા વ્યૂહાત્મક ટ્રાન્ઝિટ કોરિડોર માટે યુએસને વિશિષ્ટ વિકાસ અધિકારો પણ આપે છે. આનાથી ઊર્જા અને અન્ય સંસાધનોની નિકાસમાં વધારો થશે. બંને નેતાઓએ સંઘર્ષનો અંત લાવવામાં મદદ કરવા બદલ ટ્રમ્પની પ્રશંસા કરી અને કહ્યું કે, અમે ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર માટે નોમિનેટ કરીશું. અલીયેવે કહ્યું, ‘જો ટ્રમ્પ નહીં, તો પછી નોબેલ શાંતિ પુરસ્કાર કોને મળવો જોઈએ?’’

ટ્રમ્પે પોતાના બીજા કાર્યકાળના શરૂઆતના મહિનાઓમાં પોતાને વૈશ્વિક શાંતિ નિર્માતા તરીકે રજૂ કરવાનો પ્રયાસ કર્યો છે. વ્હાઈટ હાઉસનું કહેવું છે કે તેમણે કંબોડિયા અને થાઈલેન્ડ, રવાન્ડા અને કોંગો, તેમજ પાકિસ્તાન અને ભારત વચ્ચે શાંતિ કરાર કરાવ્યા છે. જોકે, ભારતે તેમના દાવાને નકારી કાઢ્યો છે. ટ્રમ્પ રશિયા-યુક્રેન યુદ્ધ કે ઈઝરાયલ-હમાસ સંઘર્ષનો અંત લાવી શક્યા નથી. ટ્રમ્પની હાજરીમાં શાંતિ કરાર પર હસ્તાક્ષર.

**રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર આપવાની માંગ ફરી એકવાર ઉભી**

**એશિયાઈ દેશ આર્મેનિયા અને કાકેશસની નજીક સ્થિત દેશ અઝરબૈજાન વચ્ચે ‘શાંતિ સંધિ’ પર હસ્તાક્ષર કરતી વખતે, ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે, મારી સર્વોચ્ચ આકાંક્ષા વિશ્વમાં શાંતિ અને સ્થિરતા લાવવાની છે**

# ટ્રમ્પ માટે નોબેલ શાંતિ પુરસ્કારની માંગ, પાકિસ્તાન પછી, અઝરબૈજાન-આર્મેનિયાએ પણ સમર્થન આપ્યું

। વોશિંગ્ટન, તા.૯ ।

અમેરિકન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને નોબેલ શાંતિ પુરસ્કાર આપવાની માંગ ફરી એકવાર ઉભી થઈ છે. પાકિસ્તાન અને ઈઝરાયલ પછી, હવે અઝરબૈજાન અને આર્મેનિયાએ નોબેલ શાંતિ પુરસ્કારના નામાંકન માટે ટ્રમ્પને સમર્થન આપ્યું છે. અગાઉ, ટ્રમ્પે આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે ‘શાંતિ સંધિ’ પર હસ્તાક્ષર કર્યા હતા.અઝરબૈજાનના રાષ્ટ્રપતિ ઈલ્હામ અલીયેવ અને આર્મેનિયાના વડા પ્રધાન નિકોલ પશિન્યાને કહ્યું કે ટ્રમ્પને તેમની મધ્યસ્થી માટે નોબેલ શાંતિ પુરસ્કાર મળવો જોઈએ. અગાઉ, પાકિસ્તાન અને ઈઝરાયલે નોબેલ શાંતિ પુરસ્કાર માટે ટ્રમ્પના નામાંકનને ટેકો આપ્યો હતો.એશિયાઈ દેશ આર્મેનિયા અને કાકેશસની નજીક સ્થિત દેશ અઝરબૈજાન વચ્ચે ‘શાંતિ સંધિ’ પર હસ્તાક્ષર કરતી વખતે, ટ્રમ્પે કહ્યું કે રાષ્ટ્રપતિ તરીકે, મારી સર્વોચ્ચ આકાંક્ષા વિશ્વમાં શાંતિ અને સ્થિરતા લાવવાની છે. બંને ભૂતપૂર્વ સોવિયેત પ્રજાસત્તાકો હંમેશા માટે લડાઈ બંધ કરવા, વાણિજ્ય, મુસાફરી અને રાજદ્વારી સંબંધો ખોલવા, એકબીજાની સાર્વભૌમત્વ અને પ્રાદેશિક અખંડિતતાનો આદર



કરવા પ્રતિબદ્ધ છે.આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે ચાર દાયકાથી હિંસા અને લડાઈ ચાલી રહી હતી અને આ લડાઈ કારાબાખ પ્રદેશ પર કબજો કરવા અંગે હતી. હકીકતમાં, સોવિયેત સંઘ દરમિયાન, કારાબાખ પ્રદેશ અઝરબૈજાનનો એક ભાગ હતો, પરંતુ આર્મેનિયન વસ્તી અહીં રહેતી હતી અને આ વિસ્તારમાં સ્વાયત્તતા હતી. આર્મેનિયા એક ખ્રિસ્તી દેશ છે અને અઝરબૈજાન મુસ્લિમ બહુમતી ધરાવતો દેશ છે. મુસ્લિમ ઓટ્ટોમન સામ્રાજ્ય દરમિયાન, અહીં મોટા પાયે નરસંહાર થયો હતો અને ઈતિહાસ મુજબ, લગભગ ૧૫ લાખ આર્મેનિયનો માર્યા ગયા હતા. ૧૯૮૮ માં, કારાબાખ ક્ષેત્રમાં રહેતા આર્મેનિયનોએ આના પર બળવો કર્યો અને આર્મેનિયામાં જોડાવાની જાહેરાત કરી.સોવિયેત યુનિયનના વિઘટન પછી જ્યારે આર્મેનિયા સ્વતંત્ર થયું, ત્યારે કારાબાખ પ્રદેશ માટે આર્મેનિયા અને અઝરબૈજાન વચ્ચે લડાઈ થઈ. આ લડાઈમાં લગભગ ૩૦ હજાર લોકો માર્યા ગયા અને ૧૦ લાખથી વધુ લોકો વિસ્થાપિત થયા હોવાનો અંદાજ છે. ૧૯૯૪ માં, બંને પક્ષો વચ્ચે યુદ્ધવિરામ થયો, ત્યાં સુધીમાં આર્મેનિયનોએ કારાબાખ પ્રદેશ પર કબજો કરી લીધો હતો. ઘણા દાયકાઓ સુધી, બંને પક્ષો વચ્ચે મધ્યસ્થી કરવાના પ્રયાસો કરવામાં આવ્યા, પરંતુ જ્યારે આ પ્રયાસો નિષ્ફળ ગયા, ત્યારે સપ્ટેમ્બર ૨૦૨૦ માં અઝરબૈજાને ફરીથી કારાબાખ પર હુમલો કર્યો.



































**Printer, Publisher & Owner :** Avesh K. Malaviya, **Printed** at Bhoomi Offset, Bhatiyavadi, Opp. Railway Station, Kalupur, Ahmedabad 380002 and **Published** From G-1301, Sardar Patel Nagar, Shastrinagar Char Rasta, Near Anmol Tower, Naranpura, Ahmedabad-380013. **Mob.**98252 52125 **Email :** lokpatrikadaily@gmail.com **website :** www.lokpatrika.in **Editor :** Avesh K. Malaviya